જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર
મેળવવા માટે સંપર્ક કરો
સમગ્ર ગુજરાતમાં
પત્રકારો તેમજ
પ્રેસ પ્રતિનિધિઓ
નિમવાના છે.
સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ
લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર
મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ


વિ. સં. ૨૦૭૫ । રવિવાર । તા. 3-3-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૪ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

ભારતે ડિક્શનરીમાં અભિનંદન શબ્દનો અર્થ બદલી દીધોઃ મોદી

આ દેશ અર્થ બદલવાની તાકાત ધરાવે છે,હિન્દુસ્તાન જે પણ કરશે દુનિયા ધ્યનથી જુએ છે

૨૦૨૨ સુધીમાં બધાને પાકુ મકાન મળે તે મારૂ સપનું, અમારી સરકારે સૌથી વધુ અને સસ્તા દરે ઘર આપ્યા : વિજ્ઞાન ભવનમાં ભાષણમાં વિંગ કમાંડર અભિનંદનની મુક્તિ પર તેમની બહાદુરીને વડાપ્રધાને બિરદાવી





ન્યુ દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે વિજ્ઞાન ભવનમાં કન્સ્ટ્રક્શન ટેક્નોલોજી ઈન્ડિયા ૨૦૧૯નું ઉદ્ઘાટન કર્યું. કાર્યક્રમાં સંબોધન દરમિયાન પીએમ મોદીએ પોતાની સરકાર દ્વારા આ સેક્ટરમાં કરવામાં આવેલા કામો અંગે જણાવ્યું. તેમણે કહ્યું કે મધ્યમ વર્ગ માટે પોતાના ઘરના સપના પૂરા કરવા માટે અમે ગંભીર છીએ. પીએમ મોદીએ કહ્યું કે આવું બીજીવાર બન્યું છે કે હું આવાસ ક્ષેત્ર સાથે જોડાયેલા લોકો સાથે વાતચીત કરી રહ્યો છું. તેનાથી જોવા મળે છે કે સરકારનો આપ લોકો સાથે સમન્વય બનેલો છે.

પીએમ મોદીએ કહ્યું કે ભારતની તાકાત છે કે તે ડિક્શનરીના શબ્દોના અર્થ બદલી નાખે છે. દુનિયામાં હવે અભિનંદનનો અર્થ બદલાઈ ગયો છે. તેમણે કહ્યું કે અભિનંદનનો અર્થ પહેલા શુભેચ્છા હતો પરંતુ હવે કંઈક બીજો છે.

પીએમ મોદીએ કોન્ફરન્સને સંબોધિત કરતા કહ્યું કે અમારી સરકારે સૌથી વધુ અને સસ્તા દરે ઘર આપ્યા છે. રિયલ એસ્ટેટ સેક્ટર સંલગ્ન કાયદાને અમે ઠીક કર્યા છે. અમે સ્કિલ ડેવલપમેન્ટ પર ધ્યાન આપ્યું છે અને આ સાથે જ અમે હાઉસિંગ સેક્ટરમાં ટેક્નોલોજીનો પણ ઉપયોગ કર્યો છે. તેમણે કહ્યું કે અમારી સરકારે હાઉસિંગ સેક્ટરની કાયાપલટ માટે સાત ફ્લેગશિપ મીશન પર એક સાથે કામ કર્યું છે. સ્વચ્છ ભારત મીશન, વડાપ્રધાન આવાસ યોજના, દીનદયાળ અંત્યોદય યોજના, નેશનલ અર્બન લાઈવલીહૂડ મીશન અને અમૃત યોજના જેવા મહત્વપૂર્ણ કાર્યક્રમો લાગુ કર્યા છે.

આજે અમારી સરકારની કોશિશોની અસર એ છે કે હોમ લોન પર વ્યાજ દર પહેલા કરતા ઓછા થયા છે. વડાપ્રધાન આવાસ યોજના હેઠળ સરકાર જે છૂટ આપી રહી છે તેનાથી લોકોના ૫-૬ લાખ રૂપિયા બચે છે. લોકોને પોતાના ઘરનું સપનું પૂરુ કરવા માટે અમે ટેક્નોલોજીની સાથે સાથે બીજી વ્યવસ્થાઓને પણ બદલી રહ્યાં છીએ.

પીએમ મોદીએ કહ્યું કે ટેક્સ સંબંધિત નિયમોમાં ફેરફાર કરી રહ્યાં છીએ. આમ કરવા પાછળનું કારણ એ છે કે મધ્યમ વર્ગના લોકો પાસે ઘર ખરીદવા માટે વધુ પૈસા બચે અને ઘરના ભાવ પણ ઓછા થાય. તેમણે કહ્યું ક જીએસટીએ પણ રિયલ એસ્ટેટ કારોબારને ગ્રાહકો અને ખરીદારો માટે સરળ બનાવ્યો છે. હાલમાં કન્સ્ટ્રક્શન સેક્ટર પર જીએસટીને ઓછો કરાયો છે. સસ્તા ઘરો પર જીએસટી ૮ ટકાથી ઘટાડીને ૧ ટકા કરાયોછે.

રક્ષામંત્રીએ વિંગ કમાન્ડર અભિનંદનની હોસ્પિટલમાં મુલાકાત કરી

ન્યુ દિલ્હી

વિંગ કમાન્ડર અભિનંદન શુક્રવારે રાતે ૯.૨૦ વાગ્યે સ્વદેશ પરત ફર્યા છે. ગઈ કાલે મોડી રાતે જ તેમને દિલ્હી લાવવામાં આવ્યા હતા. અહીં અભિનંદને તેમના માતા-પિતા, પત્ની અને દીકરા સાથે મુલાકાત કરી હતી. ત્યાર પછી વાયુસેના અભિનંદનને લઈને આર આર હોસ્પિટલ પહોંચી હતી. અહીં તેમની શારીરિક અને માનસિક તપાસ ચાલી રહી છે. આજે અહીં રક્ષા મંત્રી નિર્મલા સીતારમણે વિંગ કમાન્ડર અભિનંદન સાથે મુલાકાત કરી હતી. આ પહેલાં શનિવારે સવારે અભિનંદને વાયુ સેનાના પ્રમુખ બીએસ ધનોઆ સાથે પણ મુલાકાત કરી હતી.

ભારતની કાર્યવાહીથી પાકિસ્તાન રઘવાયુ બન્યુ,જમ્મુ-કાશ્મીરમાં હાઈ-એલર્ટ

સેનાના જવાનોના ભોજનમાં ઝેર ભેળવવાની ફિરાકમાં પાક ISI

ન્યુ દિલ્હી

ભારત પાકિસ્તાન વચ્ચે ૧૪ ફેબ્રુઆરીએ પુલવામા હુમલા બાદ તણાવની સ્થિતિ તંગ છે. ભારતીય વાયુસેનાના વિંગ કમાન્ડર અભિનંદનને મુક્ત કરીને શાંતિનો સંદેશ આપવા છતાં સરહદ પર પાકિસ્તાન સતત સીઝફાયરનું ઉલ્લંઘન કરી રહ્યુ છે. આ વચ્ચે આતંકી સંગઠનોની મદદ માટે પાકિસ્તાની ગુપ્ત એજન્સી ISIનું જોખમી ષડયંત્ર સામે આવ્યુ છે.

પાક આર્મી અને ISI એકવાર ફરી જમ્મુ કાશ્મીરમાં ભારતીય સેનાને નુકસાન પહોંચાડવા માટે ષડયંત્ર રચી રહ્યુ છે. સૂત્રો અનુસાર સેનાના અનાજ સ્ટોકમાં ઝેર ભેળવવાનો પ્લાન તૈયાર કરવામાં આવી રહ્યો છે. ઝેર મેળવવા માટે પાકની ISI આની માટે કાશ્મીરમાં હાજર પોતાના એજન્ટનો ઉપયોગ કરી શકે છે. ખાનગી એજન્સી આવ્યા બાદ કાશ્મીરમાં સુરક્ષા માટે તૈનાત તમામ ફોર્સેજને એલર્ટ કરી દીધુ છે.



ભારતીય વાયુસેના દ્વારા પાકિસ્તાનમાં આતંકીઓ ઠેકાણા પર બોમ્બબાર કરી સમગ્રરીતે તબાહ કરવાથી પાકિસ્તાન રોષે ભરાયુ છે. આતંકીઓના ઠેકાણા બરબાદ કરવાથી પાકિસ્તાનની ગુપ્ત એજન્સી ISIએ આતંકીઓ માટે કરો યા મરોનુ ફરમાન જાહેર કર્યુ છે.

પાકિસ્તાન નહિ સુધરે: એલઓસી પર બેફામ ફાયરિંગ, ત્રણ નાગરિકોના મોત

મૃતકોમાં નવ મહિનાની બાળકીનો સમાવેશ, ચાર લોકો ઘાયલ

શ્રીનગર

ભારતીય વાયુસેનાના વિંગ કમાન્ડર અભિનંદન વર્ધમાન શુક્રવાર રાત્રે વાઘા બોર્ડર દ્વારા પાકિસ્તાનથી ભારત પરત ફર્યા છે. જોકે, આ દરમિયાન ભારત અને પાકિસ્તાનની વચ્ચે નિયંત્રણ રેખા પર (LoC) તણાવ ચાલુ જ છે. પાકિસ્તાને જમ્મુ-કાશ્મીરના પુંછમાં ફરી એકવાર સંઘર્ષવિરામનું ઉલ્લંઘન કર્યું છે.

શુક્રવાર મોડી રાત્રે સીમા પારથી કરવામાં આવેલા ફાયરિંગમાં એક જ પરિવારના ત્રણ લોકોના મોત થયા છે. જેમાં ૯ મહિનાની બાળકી પણ સામેલ છે, જ્યારે બે અન્ય ઘાયલ હોવાનું જાણવા મળ્યું છે. મળતી માહિતી મુજબ, પાકિસ્તાની સૈનિકોએ પહેલીવાર ફાયરિંગ કર્યું. મોર્ટારથી સામાન્ય નાગરિકોના વિસ્તારને નિશાન બનાવવામાં આવ્યા. ભારતીય સુરક્ષા દળોએ પણ તેનો જડબાતોડ જવાબ આપ્યો.

અધિકારીઓ મુજબ, ફાયરિંગમાં મૃત્યુ પામનારાઓની ઓળખ રૂબાના કૌસર (૨૪), તેમનો દીકરો ફજાન (૫) અને ૯ મહિનાની દીકરી શબનમ તરીકે થઈ છે. જ્યારે રુબાનાના પતિ મોહમ્મદ યૂનિસ અને એક અન્ય વ્યક્તિ ઘાયલ થયા છે.

આ પહેલા પુંછ જિલ્લાના મનકોટ વિસ્તારમાં પાકિસ્તાની દળોની ફાયરિંગમાં નસીર અખ્તર નામની મહિલા ઘાયલ થઈ હતી. સલોત્રી અને મનકોટ ઉપરાંત પુંછ જિલ્લાના કૃષ્ણાઘાટી અને બાલાકોટ વિસ્તારોમાં પણ ફાયરિંગ થયું.







તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ દ્વારા બેટી બચાવો બેટી પઢાવો અંગે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો



વિરમગામ નગરપાલીકા ખાતે આશા બહેનોએ હાથમાં બેનર્સ લઈને બેટી બચાવો બેટી પઢાવોનો સંદેશ આપ્યો

વંદના નીલકંઠ વાસુકિયા

અમદાવાદ જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.શિલ્પા યાદવના માર્ગદર્શન મુજબ તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ દ્વારા બેટી બચાવો બેટી પઢાવો અભિયાન અંતર્ગત જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. વિરમગામ નગરપાલીકા ખાતે આશા બહેનોએ હાથમાં બેનર્સ લઈને બેટી બચાવો બેટી પઢાવોનો સંદેશ આપ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલા,તાલુકા એચ.વી. ગૌરીબેન, જયેશભાઈ પાવરા,કે એમ મકવાણા, નીલકંઠ વાસુકિયા, ડો.આર જી વાઘેલા, ડો.ઝંખના જયસ્વાલ, ડો.ધારા સુપેડા, ડો.ધારા પટેલ સહિતના આરોગ્ય વિભાગના અધિકારીઓ કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી.

તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલાએ જણાવ્યુ હતુ કે, દિકરી-દિકરા વચ્ચે કોઈ પણ પ્રકારનો ભેદભાવ ન રાખવો જોઈએ અને દિકરીને પણ જન્મવાનો અધિકારી છે. જન્મ પહેલા બાળકની જાતીની તપાસ કરાવવીએ ગંભીર ગુનો છે અને તેમા દોષીતને જેલની સજા પણ થઈ શકે છે. દિકરીએ શાપનો ભારો નહિ પણ દિકરીએ તો તુલસીનો ક્યારો છે. દિકરીએ તો ઘરની લક્ષ્મી છે.

રાજયમંત્રીશ્રી વાસણભાઈ આહીરનો સુધારેલ પ્રવાસ કાર્યક્રમ

ભુજ

રાજયમંત્રીશ્રી વાસણભાઈ આહિર તા.૫/૩/૨૦૧૯ના સવારે ૧૦ કલાકે નાડાપા ચોકડી, અટલનગર મધ્યે હબાલ-મમુઆરા રોડના ખાતમૂહૂર્ત કાર્યક્રમમાં હાજરી આપશે. બાદ ૧૧.૧૫ કલાકે ચેમ્બર્સ ઓફ કોમર્સ બિલ્ડીંગ, ગાંધીધામ ખાતે પ્રધાનમંત્રીશ્રી શ્રમયોગી માનધન યોજનાના લોકાર્પણ સમારોહમાં ઉપસ્થિત રહેશે. ૧૨.૩૦ કલાકે એસટી બસ સ્ટેશન, ગાંધીધામ ખાતે નવનિર્મિત બસ સ્ટેન્ડના ખાતમૂહૂર્ત કાર્યક્રમમાં હાજર રહેશે અને સાંજે ૧૭ કલાકે પોલીટેકનીક કોલેજ, ભુજ મધ્યે રમત-ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિના વિભાગ આયોજિત કિટ વિતરણ કાર્યક્રમમાં હાજરી આપશે.

જૂનાગઢ જિલ્લા આયોજનમંડળ જૂનાગઢની બેઠક યોજાશે

જૂનાગઢ

જિલ્લા આયોજનમંડળ મંડળ જૂનાગઢની બેઠક પ્રભારીમંત્રીશ્રી જૂનાગઢ તથા અન્ન, નાગરિક,પુરવઠો અને ગ્રાહકોની બાબતો,કુટીર ઉધોગ, છાપકામ અને લેખન સામગ્રીના કાર્યાલય, ગુજરાત સરકારના મંત્રીશ્રી જયેશભાઈ રાદડીયાનાં અધ્યક્ષ સ્થાહને તા.૫/૩/૨૦૧૯ના રોજ સવારે ૧૦ કલાકે કલેકટર કચેરી, મુખ્યટ્ટ સભાખંડ જૂનાગઢ ખાતે યોજાશે.જેમાં વર્ષ૨૦૧૮-૧૯ની જિલ્લા આયોજન મંડળની બેઠકની કાર્યવાહી નોંધને બહાલી આપવા બાબત, વર્ષ૨૦૧૯-૨૦ના વિકેદ્રીત જિલ્લા આયોજનના કામો મંજૂર કરવાના કાર્યો કરવામાં આવશે.

સામાજીક ન્યા ય અધિકારીતા મંત્રીશ્રી રામદાસ આઠવલે આવતીકાલે જૂનાગઢ પ્રવાસે

જૂનાગઢ

સામાજિક ન્યાાય અને અધિકારીતા વિભાગના રાજયકક્ષાના મંત્રીશ્રી રામદાસ આઠવલે તા ઉના રોજ જૂનાગઢ મુલાકાત લેનાર છે.મંત્રીશ્રી આઠવલે સરકીટ હાઉસ ખાતે ૧૧-૩૦ કલાકે પત્રકારોને સંબોધશે. ત્યાોર બાદ ૧-૧૫ કલાકે માળિયા હાટીના તાલુકાના ગઢુ ખાતે યોજાનાર સામાજીક સદભાવનાં સેમીનારમાં મુખ્ય મહેમાન ઉપસ્થિ ત રહેશે. ગઢુ ખાતે યોજાનાર કાર્યક્રમ સંદર્ભે ચંદ્રસિંહ મહિડા અને બટુકભાઈ ગહેલ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

મહશિવરાત્રીનું પર્વ પદ્મશ્રી કૈલાસા ખેરનાં શિવસ્તવન સુરોની સરાવલીઓ વચ્ચે બન્યુ શિવમયી

જૂનાગઢ

ખ્યાતનામ સૂફી ગાયક અને પદ્મશ્રી કૈલાસા ખેર સાંસ્કૃતિક અને સંસ્કાર નગરી જૂનાગઢથી ભારે પ્રભાવિત થયા હતા. મહાશિવરાત્રી પર્વે ભવનાથ તળેટી ખાતે પ્રકૃતિધામનાં પરિસરમાં યોજાયેલ શિવસ્તુતીનાં કાર્યક્રમમાં ઉપસ્થિત જનમેદનીનું અભિવાદન જીલતા તેમણે જણાવ્યું હતું કે અત્યાર સુધી જૂનાગઢ માટે માત્ર સાંભળ્યું હતું કે એ એક પૌરાણીક નગરી છે, પણ આજે ભવનાથ ભોળાનાથનાં સાંનિધ્યે યોજાયેલ મીનીકુંભનાં સંસ્કારીતાનાં ઉછળતા જનસાગરને નિહાળતા એવુ લાગ્યુ કે જૂનાગઢ સ્વચ્છ, સુધડ અને સંસ્કારી નગરી છે. જૂનાગઢનાં વહીવટી અને પ્રશાસનીક અધિકારીઓ અને પદાધિકારીઓને અભિનંદન પાઠવતા જણાવ્યુ હતુ કે મહાત્માં ગાંધીની સ્વચ્છતાની આહલેકને જૂનાગઢે ચરિતાર્થ કરી છે. જૂનાગઢ શહેરના લોકો શિસ્તમાં માને છે. લોકોના ચહેરા પર મુશ્કાન દેખાય છે.અહી લોકો ટ્રાફિક બાબતે પણ નિયમોનું પાલન કરતા જણાય છે. આજે જૂનાગઢની મુલાકાત લેતાં ખરેખર લાગે છે કે અહીના લોકો સંસ્કારી છે. શ્રી કૈલાસા ખૈરે પંકજ ભટ્ટ રચીત ગુજરાતી ગીતની તર્જ પર ગાન શરૂ કરતાની સાથે ઉપસ્થિત ભાવીક જનસૈલાબ તાલના સથવારે રાસતરબોળ બન્યો હતો.તેમણે વધુમાં જણાવ્યું હતું કે બાળપણથી મને સુફી ગાયકીમાં રસ છે, પિતા મેહરસીગ પાસેથી ગાયકી શીખી પંડિત કુમાર ગાંધર્વની પ્રેરણાથી ગાયકીમાં આગળ વધી લોકચાહનાં હાંસલ કરનાર કૈલાસા ખેરે શિવરાત્રીની ઉજવણીમાં પધારી શિવસ્તવન સુરોની સુરાવલીઓ વચ્ચે ભવનાથ તિર્થક્ષેત્રને શિવમયી બનાવી દીધુ હતુ. કાર્યક્રમ દરમ્યાન સરહદ પર પુલવામાં ખાતે શહિદોને શ્રધ્ધાંજલી ભાવ સાથે કૈલાસા ખેર અને શ્રોતાઓએ મૈાન પાળી શ્રધ્ધાભાવ વ્યક્ત કર્યો હતો. રાષ્ટ્રગાનને પુરા આન-બાન અને શાનથી કૈલાસા ખેરનાં સુરો સાથે જૂનાગઢ અને મેળાનાં ભાવીકોએ માન આપ્યુ હતુ. કાર્યક્રમ પુર્વે જીતુભાઈ દ્વારકાવાળાએ ઉપસ્થિત શ્રોતાઓને હાસ્યરસમાં રસતરબોળ કર્યા હતા. આ પ્રસંગે અગ્રણીઓ, અધીકારીઓ, મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. જૂનાગઢનાં પ્રથમ નાગરિક સુશ્રી આદ્યાશક્તિબેન મજમુદાર અને આગેવાનોએ પદ્મશ્રીની જૂનાગઢની નરસૈયાની ભુમિ પર પધારવા બદલ અદકેરૂ સ્મૃતિચિત્ત અર્પણ કરી બહુમાન કર્યુ હતુ.

હળવદના સફાઈ કર્મચારીઓની માંગ ના સંતોષાય તો મંગળવારથી હડતાલ



ગુજરાતની તમામ પાલિકાના સફાઈ કર્મચારીઓ સાથે હળવદના સફાઈ કર્મચારીઓ કરશે હડતાલ

તાજેતરમાં ગુજરાત નગરપાલિકાના સફાઈ કામદારોના પ્રશ્ને અમદાવાદ સર્કીટ હાઉસ ખાતે જનરલ મીટીંગ મળી હતી જેમાં સરકાર દ્વારા પડતર પ્રશ્નો ના ઉકેલાય તો મંગળવારથી હડતાલ કરવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે

અમદાવાદ ખાતે મળેલી મીટીંગને પગલે હળવદ નગરપાલિકાના સફાઈ કર્મચારીઓએ આજે ચીફ ઓફિસર હળવદને આવેદન પાઠવ્યું હતું જેમાં મીટીંગમાં ઠરાવ્યા અનુસાર સરકારને નોટીસ આપવાની અને મુખ્યમંત્રીને માંગણીઓનું આવેદન પત્ર આપવામાંઆવ્યા છે અને વિવિધ માંગણીઓ સંતોષવા કરેલી રજૂઆત છતાં કોઈ પગલા લેવાયા નથી ત્યારે આગામી તા. ૦૪ સુધીમાં કોઈ નિર્ણય ના આવે તો તા. ૦૫-૦૩ થી તમામ કામદારો હડતાલ પર ઉતરી જશે તેવી ચીમકી ઉચ્ચારી છે

કચ્છ કલેક્ટર રેમ્યા મોહનના અધ્યક્ષસ્થાને અછત રાહત સમિતિની બેઠક મળી

ઢોરવાડા માટે વધુ ૪૨.૪૭ કરોડ રૂપિયા ગ્રાન્ટની માંગણી કરાઈ : બેઠકમાં અત્યાર સુધી થયેલ કામગીરી અંગે છણાવટ કરવામાં આવી : ગૌશાળા, પાંજરાપોળ, ઢોરવાડા માટે ૮૫.૭૯ કરોડ રૂપિયા ફાળવાયા

ભુજ

રાજયની સંવેદનશીલ સરકારે કચ્છ જિલ્લાને અછતગ્રસ્ત જાહેર કર્યા બાદ જિલ્લા કક્ષાએ થતી કામગીરીની સમીક્ષા કરવા માટે રાહત સમિતિની એક બેઠક જિલ્લા સમાહર્તા રેમ્યા મોહનના અધ્યક્ષ સ્થાને મળી હતી. આ બેઠકના પ્રારંભે રાહત કામગીરી હેઠળ થયેલી કામગીરીનું પ્રેઝેન્ટેશન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર કચ્છ જિલ્લામાં અત્યાર સુધી ઢોરવાડા, પાંજરાપોળ, ગૌશાળાની સંખ્યાનો વધારો તેમજ ચૂકવેલ સહાયની વિગતે ચર્ચા કરવામાં આવી હતી. કચ્છ જિલ્લામાં અછત કામગીરી હેઠળ અત્યાર સુધી ૩૫૬ જેટલા ઢોરવાડા તેમજ ૨,૧૧,૯૪૮ જેટલા પશુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. અછતની કામગીરીના આગોતરા આયોજનના ભાગરૂપે આગામી માર્ચ મહિના સુધી ઢોરવાડા માટે ૪૨.૪૭ કરોડ રૂપિયાની ગ્રાન્ટની માંગણી કરવામાં આવી છે. અત્યાર સુધી સરકાર દ્વારા ઢોરવાડાના હેતુ માટે ૨૩ કરોડ રૂપિયા જ્યારે ગૌશાળા અને પાંજરાપોળ ના હેતુ માટે ૩૭ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. આમ અત્યાર સુધી ગૌશાળા, પાંજરાપોળ, ઢોરવાડા માટે ૮૫.૭૯ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

પશ્ચિમ કચ્છના નખત્રાણા વિસ્તારમાં અછતની પરિસ્થિતિને પહોંચી વળવા બહોળા પ્રમાણમાં ઘાસનું વાવેતર કરવામાં આવ્યું છે. સમગ્ર કચ્છ જિલ્લામાં અત્યાર સુધી પ્રધાનમંત્રી ફસલ વિમા યોજના હેઠળ ૧,૩૩,૨૨૧ અરજીઓ મળેલ હતી તે પ્રમાણે ૨,૨૭,૫૭૭ હેક્ટર અસરગ્રસ્ત વિસ્તારનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રી ફસલ વિમા યોજના હેઠળ ૧૫૪૭૫.૩૦ લાખ રૂપિયાનું ચૂકવણી કરવામાં આવી છે.

અછતના કપરા કાળમાં રાજ્ય સરકારે કેટલ કેમ્પના આયોજન કરી પશુઓ માટે રસીકરણ તેમજ કૃમિનાશક દવાઓ આપવાની કામગીરી ચાલી રહી છે. પશુઓમાં જોવા મળતાં ખરવા મોવાસા રોગ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ પશુઓની સઘન રસીકરણની કામગીરી પણ કરવામાં આવી રહી છે. અછત અન્વયે અત્યાર સુધીમાં કુલ ૧૭૮ પશુ આરોગ્ય મેળાઓ યોજવામાં આવ્યા છે જેમાં ૧૨૬૦૦૬ પશુઓને કેમ્પમાં સારવાર, ૧૪,૮૪,૫૬૭ પશુઓનું રસીકરણ, ૫૬૧૯ જેટલા પશુઓનું ખસીકરણ તેમજ ૬,૯૦,૯૦૫ જેટલા પશુઓનું ડિવમ'ગ કરવામાં આવ્યું છે.

આ તકે કલેક્ટર રેમ્યા મોહને વિનંતી કરી હતી કે પી.એમ. કિસાન યોજનાએ સળંગ યોજના છે જેથી કોઈ ખેડૂત લાયકાત ધરાવતા હોય અને રજીસ્ટ્રેશન કરાવવાનું બાકી હોય તો અરજી કરીને તેઓ આ યોજનાનો લાભ લઈ શકે છે. પી.એમ. કિસાન યોજના હેઠળ કચ્છ જિલ્લામાં ૩૨૮૧૬ અરજીઓ આવી હતી જે તમામ અરજીઓ હેઠળ ૧૦ કરોડ ૫૬ લાખ રૂપિયાની સહાયનું ચૂકવણી કરી દેવામાં આવ્યું છે.

કચ્છ જિલ્લામાં હાલમાં પશુઓની વસતી ગણતરીની કામગીરી ચાલુ છે તે અંતર્ગત કચ્છ જિલ્લામાં અછત હોવાના કારણે જે પશુઓ સ્થળાંતર થયા છે તેની વિગતો મેળવીને જિલ્લાના પશુઓની જે તે વિસ્તારમાં ગણતરી થાય તેવા સુચનો કરાયા હતા.

માજી મંત્રીશ્રી તારાચંદ છેડાએ માંડવી વિસ્તારમાં ઘાસડેપો ખોલવા માટે રજૂઆત કરી હતી. ઉપરાંત મુંબઈમાં તાજેતરમાં ઉદ્યોગપતિઓ તેમજ દાતાઓએ કચ્છ જિલ્લામાં અછતના કપરા કાળને પહોંચી વળવા માટે સાત કરોડ રૂપિયા એકઠા કર્યા છે જેમાં વધુ ૩ કરોડ રૂપિયા ઉમેરીને કચ્છ જિલ્લામાં ૧૦ કરોડ રૂપિયાની સહાય વહીવટી તંત્રને સાથે રાખીને એક પાંજરાપોળ તેમજ સેવાભાવી સંસ્થાને ૨.૫ લાખ રૂપિયા આપવા માટે તૈયારી દર્શાવી હતી. કચ્છમાં ગૌશાળાઓ તેમજ કેટલ કેમ્પ અંતર્ગત જે તે સંસ્થાઓના બિલોના ચૂકવણીમાં વિલંબ થતો હોય બિલોના ચૂકવણા સમયસર અને વહેલીતકે કરવા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ જીવાભાઈ આહિરે રજૂઆત કરી હતી. આ ઉપરાંત ભારત સરકાર દ્વારા ૨ હેક્ટર સુધીના ખેડૂત ખાતેદારોને સાહયરૂપે ખેડૂતોને સહાય કરવા બદલ આભારની લાગણી પ્રગટ કરી હતી. આ બેઠકમાં કચ્છ જિલ્લા પંચાયતના પ્રમુખ લક્ષ્મણસિંહજી સોઢા, પૂર્વ મંત્રીશ્રી તારાચંદ છેડા, અબડાસાના ધારાસભ્ય શ્રી પ્રધ્યુમનસિંહ જાડેજા, સરહદ ડેરીના ચેરમેન શ્રી વલમજીભાઈ હુંબલ, જિલ્લા પંચાયતના માજી પ્રમુખ શ્રી જીવાભાઈ આહિર, સભ્ય શ્રીઓ ભરતભાઈ સોંદરવા, મોહનલાલ લીંબાણી, મીયા હુસૈન ગુલમામદ તથા જિલ્લા વિકાસ અધિકારી પ્રભવ જોષી, નાયબ પશુ નિયામક ડૉ. કે.જી. બ્રહ્મક્ષત્રીય, જિલ્લા ખેતીવાડી અધિકારી ડૉ. વાય. આઈ. શિહોરા, ગૌરવ પ્રજાપતિ, પાણી પુરવઠા વિભાગ માંથી કે.પી.સિંહ, જી.ડબલ્યું. એસ.એસ.બી. અંજાર ના સી.બી. ઝાલા, પી.જી.વી. સી.એલ વિભાગ માંથી એ.એસ. ગરવા, ભુજ નાયબ કલેક્ટર આર.જે. જાડેજા, અબડાસાના નાયબ કલેક્ટર ડી.એ. ઝાલા, ભચાઉના નાયબ કલેક્ટર પી.એ. જાડેજા, અંજાર એસ.ડી.એમ. વિ.કે. જોષી, ડેપ્યુટી ડી.ડી.ઓ. ગૌરવ પ્રજાપતિ, અછતના નાયબ કલેક્ટર એન.યુ. પઠાણ હાજર રહીને અછત રાહત માટે ચર્ચા તેમજ સુચનો કર્યા હતા.

માફી યોજના-૨૦૧૭ રાજય સરકારનો ઐતિહાસિક નિર્ણય

અંજાર ખાતે 'માફી મેળો યોજાયો: રાજયમંત્રી વાસણભાઈ આહિર હસ્તે માંડવાળ પત્રોનું વિતરણ



ભુજ

રાજયના જનપ્રિય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં રાજય સરકારે કાયમી ધોરણે બંધ થયેલ વીજ જોડાણવાળા ગ્રાહકો/બિનગ્રાહકોનાં બાકી લ્હેણાંની વસૂલાત માટેની ''એક વખતની માફી યોજના-૨૦૧૭'' જાહેર કરીને એક ઐતિહાસિક નિર્ણય કર્યો છે, તેમ આજે અંજાર ખાતે આયોજિત વીજ બિલ ''માફી મેળા''માં ગ્રાહકો/બિનગ્રાહકોને બાકી નિકળતી લ્હેણી રકમનાં માંડવાળ અંગેના પહોંચ પત્રોનાં વિતરણ પ્રસંગે રાજયમંત્રીશ્રી વાસણભાઈ આહિરે જણાવ્યું હતું.

અંજાર ખાતે પીજીવીસીએલ વર્તુળ કચેરીના પટાંગણમાં ''માફી મેળા''ને રાજયમંત્રી વાસણભાઈ આહિરના હસ્તે દીપ પ્રગટાવી ખુલ્લો મૂકાયો હતો.

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી રાજયમંત્રીશ્રી આહિરે વધુમાં કહયું હતું કે, આ પૈસા તમારા એટલે કે, જનતાના ટેક્ષના ભરેલા છે. વીજ લેણાં બાકી રહે તેવી સ્થિતિ ઊભી ન થાય તે માટે ઈમાનદારીથી વીજ કચેરીમાં નિયમિત વીજ લેણું ભરવા અપીલ કરી હતી અને અછતના સમયમાં રાજય સરકાર દ્વારા બાકી લેણાં પૈકી ફકત રૂ. ૫૦૦/- વસૂલી એક વખતની સંપૂર્ણ વીજ માફી યોજનાનો લાભ આપવાનું નકકી કરાતાં એનો પહેલો કાર્યક્રમ કચ્છમાં યોજાયો હોવાનું જણાવ્યું હતું.

રાજયમંત્રીશ્રી વાસણભાઈ આહિરના હસ્તે બાકી નિકળતી લ્હેણી રકમનાં માંડવાળ પહોંચપત્રોનું લાભાર્થીઓને વિતરણ કરાયું હતું.

કાર્યક્રમના પ્રારંભે પીજીવીસીએલના શ્રી કષ્ટાએ સ્વાગત પ્રવચન બાદ કાર્યક્રમની રૂપરેખા આપતાં અંજાર વર્તુળ કચેરી હસ્તક લાભાર્થી ગ્રાહકો/બિન ગ્રાહકોની વિગતો આપતાં ૩૩ હજાર ઉપરાંત ગ્રાહકોને રૂ. ૩૮ કરોડ ઉપરાંતની રકમ માફ કરવાને પાત્ર થાય છે, તેમ જણાવી આખા કચ્છમાં ૫૮ હજાર જેટલાં ગ્રાહકોને રૂ. ૬૫ કરોડ ઉપરાંતની રકમ માફ કરવાને પાત્ર હોવાનું જણાવ્યું હતું.

આ પ્રસંગે અંજાર તાલુકા પંચાયતના પ્રમુખ ગોવિંદભાઈ ડાંગર, જિ.પં.ના પૂર્વાધ્યક્ષ જીવાભાઈ શેઠ, પૂર્વ કચ્છ કિસાન સંઘના પ્રમુખ રામજીભાઈ છાંગા, તાલુકા કિસાન સંઘના પ્રમુખ ચનાભાઈ, ભુજ સર્કલના અધિક્ષક ઈજનેરશ્રી જોષી, ગેટકોના અધિક્ષક ઈજનેર શ્રી વામદા, ગોપાલભાઈ માતા, ક્રિપાલસિંહ ઝાલા, લાલજીભાઈ સોરઠીયા, હસમુખભાઈ કોડરાણી, મહેન્દ્રભાઈ કોટક તેમજ યોજનાના લાભાર્થીઓ અને પીજીવીસીએલના કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા. આભારદર્શન પીજીવીસીએલના શ્રી ભટ્ટે કર્યું હતું.

ડાંગ જિલ્લા આયોજન મંડળના અંદાજીત રૂા.૬૭૮.૧૦ લાખના વિકાસ કામોને પ્રભારી મંત્રીશ્રીએ મારી મંજુરીની મ્હોર

દસ ટકાના વધારાના આયોજન સાથે વિકાસ કામોને લઈને દરેક વિસ્તારનો સમતળ વિકાસ થાય તેની તકેદારી રાખવાની આપી સૂચના

વિકાસ કામોની ગુણવત્તા તથા સમય મર્યાદા જાળવવાની પણ કરાઈ તાકિદ : ડાંગ જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ



આહવા

રાજયના ખૂણેખૂણામાં ચાલી રહેલા વિકાસ કામોનું રાજયના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી સતત મોનિટરિંગ કરી રહ્યાં છે, ત્યારે સી.એમ. ડેશબોર્ડ અને તેની કામગીરીની સંવેદનશીલતા ધ્યાને લઇને, જિલ્લાના અમલીકરણ અધિકારીઓ તેમના હસ્તકના વિકાસ કામો સમય મર્યાદામાં પૂર્ણ કરે તે આવશ્યક છે તેમ ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી રમણલાલ પાટકરે જણાવ્યું હતું.

ડાંગ જિલ્લા આયોજન મંડળની મળેલી ઉચ્ચસ્તરીય બેઠકને સંબોધતા મંત્રી શ્રી પાટકરે એકે એક કામ તેના એસ્ટીમેટની જોગવાઇઓ મુજબ જ થાય તે જરૂરી છે તેમ જણાવી, વિકાસ કામોની ગુણવત્તા બાબતે કોઈ પણ બાંધછોડ ચલાવી નહીં લેવામાં આવે તેમ પણ સ્પષ્ટપણે જણાવ્યું હતું.

વિકાસ કામો પૂર્ણ થાય કે તુરત જ સી.સી. રજુ કરવાની તાકિદ કરતા મંત્રીશ્રીએ પાણીની સુવિધા માટેના કામો બાબતે સંવેદનશીલતા સાથે ચિંતા સેવવાની પણ સંબંધિતોને સૂચના આપી હતી. પ્રભારી મંત્રી શ્રી રમણલાલ પાટકરે લોકભાગીદારીના વિકાસ કામોમાં અમલીકરણ અધિકારીઓને અંગત રસ લઈને પ્રજાજનોની ભાગીદારી કેળવવાનું પણ આહ્વાન કર્યું હતું. છેવાડાના નવરચિત સુબિર તાલુકાના વિકાસ કામો બાબતે વિશેષ તકેદારી દાખવવાની પણ મંત્રીશ્રીએ સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.

સને ૨૦૧૯/૨૦ના નવા કામોના આયોજન બાબતે ચર્ચા કરતા મંત્રી શ્રી રમણલાલ પાટકરે તાલુકા આયોજન સમિતિઓ દ્વારા રજુ કરાયેલા પાયાના વિકાસ કામો બાબતે, તાલુકા વિકાસ અધિકારીઓને તમામ વિસ્તારોનો સમતળ, સર્વાંગિણ વિકાસ થાય તે બાબતે વિશેષ કાળજી લેવાની પણ તાકિદ કરી હતી.

સને ૨૦૧૯/૨૦ના નાણાંકિય વર્ષ દરમિયાન ડાંગ જિલ્લાના ત્રણેય તાલુકાઓ આહવા, વઘઇ અને સુબિર માટે વિવેકાધીન જોગવાઇ હેઠળના કુલ રૂા.૪૪૨.૫૦ લાખની જોગવાઇ સામે રૂા.૬૭૮.૧૦ લાખનું આયોજન કરાયુ છે. જ્યારે જિલ્લા કક્ષાની ૧૫૦ લાખની જોગવાઇ સામે રૂા.૧૯૫ લાખનું આયોજન જિલ્લા આયોજન મંડળને મળ્યું છે. જે અંગે પ્રભારી મંત્રી શ્રી પાટકરે સમિતિના વિવિધ સભ્યો સાથે ચર્ચા વિચારણા હાથ ધરી આ કામોને મંજુરીની મ્હોર મારી હતી. આ ઉપરાંત પ્રોત્સાહક જોગવાઇ હેઠળ ત્રણેય તાલુકાઓના કુલ રૂા.૭.૫૦ લાખની જોગવાઇ સામે રજુ થયેલા રૂા.૮.૫૦ લાખના કામોની પણ સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.

બેઠક દરમિયાન સને ૨૦૧૭/૧૮ અને સને ૨૦૧૮/૧૯ના વર્ષના તમામ જોગવાઇ હેઠળના કામોની પ્રગતિ, તથા ભૌતિક અને નાણાંકિય સિદ્ધિઓની ચર્ચા સાથે, ગત આયોજન મંડળની મળેલી બેઠકની કાર્યવાહી નોંધને પણ બહાલી આપવામાં આવી હતી.

ડાંગ જિલ્લા આયોજન મંડળના વિકાસ કામોમાં મહદ્‌અંશે સી.સી. રસ્તા, પેવર બ્લોક, નાળાના કામો, કમ્પાઉન્ડ વોલના કામો, મીની પાઇપ લાઇન, સ્મશાન ઘર, સ્કૂલના ઓરડા, ગટર-શૌચાલય અને હવાડાના કામો, કોઝ વે, ડામર રોડ સહિતના કામોનો સમાવેશ કરાયો છે. જ્યારે જિલ્લાના કેટલાક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે દવાનો જથ્થો રાખવા માટેના સ્ટોરરૂમના બાંધકામ બાબતે અન્ય જોગવાઇમાંથી આ કામ હાથ ધરી શકાય તેમ છે કે કેમ તે ચકાસી લેવા પણ પ્રભારી મંત્રીશ્રીએ સૂચના આપી હતી.

બેઠક દરમિયાન ડાંગ કલેક્ટર શ્રી એન.કે.ડામોરે જિલ્લાના અમલીકરણ અધિકારીઓને વિકાસકામો બાબતે ઉપયોગી માર્ગદર્શન પુરુ પાડી જરુરી સૂચનાઓ આપી હતી.

ડાંગ કલેક્ટર કચેરીના સભાખંડમા યોજાયેલી પ્રભારી મંત્રીશ્રીની અધ્યક્ષવાળી જિલ્લા આયોજન મંડળની આ બેઠકમાં ડાંગ જિલ્લા પંચાયતના અધ્યક્ષા શ્રીમતી બીબીબેન ચૌધરી, ધારાસભ્ય શ્રી મંગળભાઇ ગાવિત, તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ.કે.વઢવાણિયા, નાયબ વન સંરક્ષકો સર્વશ્રી અગ્નિશ્વર વ્યાસ અને દેવેન્દ્રકુમાર ત્રિવેદી, આયોજન મંડળના નિરીક્ષક શ્રી આર.એમ.ગંભીર સહિત જિલ્લાના અમલીકરણ અધિકારીઓ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. બેઠકનું સંચાલન જિલ્લા આયોજન અધિકારી શ્રી ટી.કે.ડામોરે કર્યું હતું.

માધ્યમિક પરીક્ષા બોર્ડની પરીક્ષાઓ સંદર્ભે પ્રતિબંધાત્મક આદેશો જારી કરાયા

જૂનાગઢ

આગામી તારીખ ૭/૩/૧૯ થી તા. ૨૩/૩/૨૦૧૯ સુધી જિલ્લાઢમાં યોજાનાર એસ એસ સી અને એચ એસ સી (વિજ્ઞાન પ્રવાહ - સામાન્યા પ્રવાહ)ની પરીક્ષા દરમ્યા ન વિદ્યાર્થીઓ અસામાજિક તત્વોધના ત્રાસ/ભય વિના પરીક્ષા આપે તથા બિલ્ડીંતગ કંડકટરશ્રીઓ અસામાજિક તત્વોના ત્રાસ/ભય વિના જાહેર પરીક્ષાનું સંચાલન કરે તે જરૂરી છે. આ પરીક્ષા દરમ્યાોન ચોરીના દુષણના કારણે તેજસ્વીક વિદ્યાર્થીઓના ભાવી પર અસર ન પડે તે માટે કોપીરાઈટ/ડુપ્લીકેટ પ્રશ્ન પત્રો કે તેના ઉત્તારો કોપીઈંગ મશીન દ્વારા ન થાય તથા તે પરીક્ષાખંડમાં ન પહોંચે તે માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી ડી.કે.બારિઆ એ તેમને મળેલ અધિકારની રૂએ પરીક્ષા કેન્દ્રો તથા બિલ્ડીગોના વિસ્તાકરમાં તા. ૭/૩/૧૯ થી તા. ૨૩/૩/૧૯ના (બન્નેા દિવસો સહિત) રોજ સવારના ૯-૩૦થી સાંજના ૧૮-૩૫ કલાક સુધી નીચે મુજબના કૃત્યો. કરવા પર પ્રતિબંધ ફરમાવેલ છે.

પરીક્ષા કેન્દ્રો ની આસપાસ ૨૦૦ મીટર વીસ્તારનાં કોઇ પણ માર્ગ ઉપર, ચોકમાં કે ગલીઓમાં પાંચ કરતા વધારે લોકોએ એકઠાં થવું નહિ, સરઘસો કાઢવા નહીં, તેમજ સુત્રો પોકારવા નહીં, પરીક્ષા કેન્દ્ર ની આસપાસનાં ૨૦૦ મીટરના વિસ્તા રમાં કોપીઈંગ મશીન દ્વારા કોપીઓ કરવાનો વ્યઢવસાય કરતા-ઝેરોક્ષ મશીનો ધરાવતા ધંધાર્થીઓ—મશીન ધારકોએ તેમના કોપીંગ મશીન ચલાવવા નહીં કે કોઈપણ પત્રો, દસ્તાવવેજો, કાગળોની નકલો કરવી નહીં. ઝેરોક્ષ મશીનો બંધ રાખવા.

પરીક્ષા કેન્દ્રો / બીલ્ડીાગોના મુખ્ય પ્રવેશદ્વાર પાસે જ પોલીસ કર્મચારીએ ઉભા કરી જે પરીક્ષાર્થી પાસે પ્રવેશિકા (ફિ રસીદ) હોય તે ચકાસીને જ માત્ર પરીક્ષાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે. પરીક્ષામાં રોકાયેલા કેન્દ્રનના સંપાદકશ્રીઓ, બિલ્ડીાગ કંડકટરશ્રી, ખંડ નિરીક્ષકો, વહીવટી સેવામાં જેઓને ફરજ સોંપવામાં આવે છે. તે વોટરમેન, બેલ મેન કે જેઓ બોર્ડ કે સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા ઓળખપત્ર આપવામાં આવ્યાા છે તે ચકાસીને જ પ્રવેશ આપવાનો રહેશે. પોલીસ કર્મચારીએ શાળાના મુખ્યક દ્વાર પાસે ફરજ બજાવવાની રહેશે. વર્ગ ખંડમાં પ્રવેશ કરવાનો રહેશે નહીં. વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ, શિક્ષકો, સંચાલકો, વહીવટી કર્મચારીઓ, જાહેર જનતા કે ફરજ પરના તમામ પ્રકારના સરકારી નોકરોએ પરીક્ષા સબંધી ચોરી ગણાય તેવી કોઇ વસ્તુળ અથવા ઇલેકટ્રોનીક આઇટમ જેવી કે મોબાઇલ ફોન, કેલ્કખ્યુલેટર, પુસ્તક, કાપલી, ઝેરોક્ષ નકલો પરીક્ષા સ્થ/ળમાં લઇ જવા નહી કે તેનું વહન કરવુ નહીં કે મદદગારી કરવી નહીં. તેમ જ તેવી કોઇપણ વસ્તુ રાખી પરીક્ષા સ્થોળમાં પ્રવેશવું નહીં.

પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સબંધીત કામગીરીમાં રોકાયેલા ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્યમ કોઇ બિન અધિકૃત માણસોએ પ્રતિબંધિત વિસ્તાનરમાં દાખલ થવું નહીં. તેમજ ફરજ બજાવનારાઓને કોઇ અડચણ કે અવરોધ કરવો કે કરાવવો નહીં. કોઇ પણ ઇસમે કોઇ પણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી કે કરાવવી નહીં. પરીક્ષાર્થી ઉમેદવારોની શાન્તીર અને લેખન કાર્યમાં અડચણ/ધ્યાધનભંગ થાય તેવું કૃત્યર કરવું/કરાવવું નહીં. પરીક્ષાર્થીઓને અન્યવ કોઇ વ્યકકતી અથવા પરીક્ષાર્થીએ જાતે પરીક્ષામાં ચોરી કરીને/કરાવીને/કરવામાં મદદગારી કરીને અથવા ચોરી ગણાય તેવા કોઇ સાહિત્યનની આપલે કરીને/કરાવીને ત્રાસ અથવા ખલેલ અથવા ભય પહોંચે તેવું કૃત્યમ કરવું નહી આ હુકમ પોતાના અંગત ઉપયોગ માટે કોપીઈંગ મશીનનો વપરાશ કરતી વ્યેકિતઓને તથા ફરજની રૂએ જે કર્મચારીઓને મુકિત આપવામાં આવી હોય, તેવી વ્ય કિતઓને એકત્રિત થવાની જોગવાઇ લાગુ પડશે નહીં. આ હુકમનો ભંગ કરનાર વ્યનકિત સામે કાયદેસરનાં પગલાં લેવામાં આવશે.

હતિક રોશન 'સુપર ૩૦'ના શૂટિંગ દરમિયાન, સાથે રાખતો હતો ગમ્છો



હિતિક રોશન તેના અલગ અલગ કિરદારો માટે જાણીતો છે. હિતિક રોશન તેના નવા નવા કિરદારો સાથે દર્શકોનું મનોરંજન કરાવવા જાણીતો છે અને કિરદારોને અપનાવવા માટે હિતિક કોઈ પણ કસર રાખતો નથી. હિતિક રોશન તેની આગામી ફિલ્મ 'સુપર ૩૦'માં વધુ એક જોરદાર ભૂમિકામાં મનોરંજન કરાવવા તૈયાર છે. 'સુપર ૩૦'ના કેરેક્ટર માટે હિતિક રોશને ખાસ તૈયારી કરી હતી. હિતિક કિરદારમાં રહેવા હમેશા તેની સાથે નેપકિન રાખતો જેના કારણે તેની ભૂમિકામાં રહેવામાં મદદ મળતી હતી.

'સુપર ૩૦'માં હિતિક રોશન પટનાના એક શિક્ષકની ભૂમિકા નિભાવી રહ્યા છે. ફિલ્મમાં હિતિક રોશન આર્થિક રીતે કમજોર ૩૦ બાળકોને ઓછા પૈસામાં આઈઆઈટીની પ્રવેશ પરીક્ષા માટે તૈયાર કરતા જોવા મળશે. 'સુપર ૩૦' ફિલ્મમાં હિતિક રોશન સાથે મૃણાલ ઠાકુર, અમિત સાધ કામ કરી રહ્યા છે આ સાથે જ નંદિશ સંધૂ હિતિક રોશન સાથે ફિલ્મમાં ભૂમિકામાં જોવા મળશે.

ફિલ્મના ફર્સ્ટ લુક જાહેર થતાની સાથે દર્શકોમાં આ ફિલ્મને લઈને ઉત્સુકતા જોવા મળી રહી છે. હિતિકની 'સુપર ૩૦' ૨૬ જુલાઈ ૨૦૧૯થી સિનેમાઘરોમાં દર્શકોનું મનોરંજન કરાવશે.

ડાંગની દિકરી અને સ્વર્ણપરી કુ.સરીતા ગાયકવાડની જિલ્લા ચૂંટણી તંત્રે જિલ્લાના આઈકોન તરીકે પસંદગી કરી

આહવા

ડાંગની દિકરી અને દેશની સ્વર્ણપરી કુ.સરીતા ગાયકવાડને ડાંગ જિલ્લા ચૂંટણી પ્રશાસન દ્વારા જિલ્લાના આઈકોન તરીકે પસંદગી કરવામાં આવી છે.

ડાંગના જિલ્લા ચૂંટણી અધિકારી-વ-કલેક્ટર શ્રી એન.કે.ડામોર દ્વારા મળેલી વિગતો અનુસાર ડાંગ જિલ્લા સહિત ગુજરાત રાજ્ય, અને સમગ્ર દેશને રમતગમત ક્ષેત્રે ગૌરવ અપાવનારી કરાડીઆંબા ગામની દિકરી કુ.સરીતા ગાયકવાડની લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ દરમિયાન જિલ્લા આઈકોન તરીકે પસંદગી કરવામાં આવી છે. ઉલ્લેખનિય છે કે, સને ૨૦૧૮માં રમાયેલી એશિયન ગેમ્સમાં કુ.સરીતા ગાયકવાડ આણી મંડળીએ ૪/૪૦૦ મીટર રીલે દોડમાં દેશને ગોલ્ડ મેડલ અપાવ્યો હતો.

મતદાર જાગૃતિ અભિયાન માટે કુ.સરીતા ગાયકવાડની જિલ્લા આઈકોન તરીકે પસંદગી થતા એક ટેલિફોનિક મુલાકાતમાં ખાસ કરીને યુવા મતદારોને તેમના નામો ફરજિયાતપણે મતદાર યાદીમાં નોંધાવવા તથા લોકશાહીના જતન માટે ફરજિયાત મતદાન કરવા માટે તેણીએ અપીલ કરી છે.

પાકિસ્તાનની સંસદમાં પ્રસ્તાવ, ઈમરાનને મળે નોબેલ પ્રાઈઝ

ઈસ્લામાબાદ

ભારતના મક્કમ વલણ અને તાકાતને કારણે ભારતીય વાયુસેનાના જાંબાઝ પાયલોટ અભિનંદને મુક્ત કરવાની પાકિસ્તાનને ફરજ પડી છે. આમ છતા પાકિસ્તાન જાણે વડાપ્રધાન ઈમરાનખાન શાંતિના મસિહા હોય તેવો પ્રચાર પ્રસાર કરવામાં પડી ગયુ છે.અભિનંદનને ભારતને સુપ્રત કરીને પાકિસ્તાને તેનો પણ ફાયદો ઉઠાવવાનુ શરુ કરી દીધુ છે. જેના ભાગરુપે પાકિસ્તાની સંસદમાં પીએમ ઈમરાનખાનને શાંતિનુ નોબેલ પ્રાઈઝ મળે તે માટે પ્રસ્તાવ મુકાયો છે.સાંસદો માંગ કરી રહ્યા છે કે ઈમરાનખાને પાયલોટને સુપ્રત કરીને બે દેશો વચ્ચેનો તનાવ ઓછો કરવા માટે જે પહેલ કરી છે તેની વિશ્વ નોંધ લે.

ભાલપરાના યુવા જર્નાલીસ્ટની પોરબંદર ખાતે માહિતી મદદનીશ તરીકે નિમણુંક

ગીર-સોમનાથ

વેરાવળના ભાલપરાના રામાનંદી સાધુ સમાજના યુવા જર્નાલીસ્ટ જીતેન્દ્રકુમાર મનસુખલાલ નિમાવતની પોરબંદર ખાતે માહિતી મદદનીશ તરીકે ગુજરાત સરકાર દ્વારા નિમણૂક કરવામાં આવી છે.

ભાલપરામાં રહેતા જીતેન્દ્રકુમારે ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા લેવાયેલી માહિતી મદદનીશની પાથમિક અને મુખ્ય પરીક્ષા પાસ કરી છે. જેથી તેઓને પોરબંદર જિલ્લા સેવા સદન-૨માં કાર્યરત જિલ્લા માહિતી કચેરીમાં માહિતી મદદનીશ તરીકે નીમણુંક કરાયા છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ ખાતે તેઓએ જર્નાલીઝમનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ પ્રસિધ્ધ અભિનેત્રી વિધ્યાબાલને ભજવેલા નારીપાત્રો વિષય પર એમ.ફિલ પણ પૂર્ણ કર્યુ છે. ભાલપરા અને રામાનંદી સાધુ સમાજનું ગૌરવ વધારતા જીતેન્દ્રએ જણાવ્યું હતું કે પત્રકારનો અભ્યાસક્રમ પૂર્ણ કરી સ્પર્ધાત્મક પરીક્ષાની ખુબજ સારી રીતે તૈયારી કરી હતી. દિવસ દરમ્યાન કલાકો સુધી પરીક્ષાની તનતોડ મહેનત કર્યા બાદ માહિતી ખાતામાં સરકારી ભરતી નિકળતા કરેલી સારી મહેનત અંતે રંગલાવી છે. ખરા અર્થમાં મે કરેલી મહેનતનું ફળ મળ્યું છે. મારા ગુરૂજનો મિત્રો અને પરિવારજનો મને મળેલી સરકારી નોકરીમાં કયાંક ને કયાંક સહભાગી થવા બદલ તેઓનો હદયથી આભાર માનું છું.

ભાલપરાના યુવા જર્નાલીસ્ટની પોરબંદર ખાતે માહિતી મદદનીશ તરીકે નિમણુંક

ગીર-સોમનાથ

વેરાવળના ભાલપરાના રામાનંદી સાધુ સમાજના યુવા જર્નાલીસ્ટ જીતેન્દ્રકુમાર મનસુખલાલ નિમાવતની પોરબંદર ખાતે માહિતી મદદનીશ તરીકે ગુજરાત સરકાર દ્વારા નિમણૂક કરવામાં આવી છે.

ભાલપરામાં રહેતા જીતેન્દ્રકુમારે ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા લેવાયેલી માહિતી મદદનીશની પ્રથમિક અને મુખ્ય પરીક્ષા પાસ કરી છે. જેથી તેઓને પોરબંદર જિલ્લા સેવા સદન-૨માં કાર્યરત જિલ્લા માહિતી કચેરીમાં માહિતી મદદનીશ તરીકે નીમણુંક કરાયા છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ ખાતે તેઓએ જર્નાલીઝમનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ પ્રસિધ્ધ અભિનેત્રી વિધ્યાબાલને ભજવેલા નારીપાત્રો વિષય પર એમ.ફિલ પણ પૂર્ણ કર્યુછે. ભાલપરા અને રામાનંદી સાધુ સમાજનું ગૌરવ વધારતા જીતેન્દ્રએ જણાવ્યું હતું કે પત્રકારનો અભ્યાસક્રમ પૂર્ણ કરી સ્પર્ધાત્મક પરીક્ષાની ખુબજ સારી રીતે તૈયારી કરી હતી. દિવસ દરમ્યાન કલાકો સુધી પરીક્ષાની તનતોડ મહેનત કર્યા બાદ માહિતી ખાતામાં સરકારી ભરતી નિકળતા સારી મહેનત અંતે રંગલાવી છે. ખરા અર્થમાં મે કરેલી મહેનતનું ફળ મળ્યું છે. મારા ગુરૂજનો મિત્રો અને પરિવારજનો મને મળેલી સરકારી નોકરીમાં કયાંક ને કયાંક સહભાગી થવા બદલ તેઓનો હદયથી આભાર માનું છું.

પાકિસ્તાનને પાંસરું કરવા પીઓકે પર જ કબજો કરવો પડે

પાકિસ્તાને કેદ કરેલા આપણા પાઇલોટ અભિનંદન વર્ધમાનને આખરે છોડી દીધો. પાકિસ્તાનના વડા પ્રધાન ઈમરાન ખાને પાકિસ્તાનની સંસદમાં ગુરૂવારે જ ઈન્ડિયન એરફોર્સના વિંગ કમાન્ડર અભિનંદનને છોડવાનું એલાન કરી દીધેલું તેથી અભિનંદનની મુક્તિ એક ઔપચારિકતા જ હતી પણ પાકિસ્તાનનો ભરોસો નહીં. એ છેલ્લી ઘડીએ રાવણ કાઢીને બેસી જાય ને કંઈક ગૂંચવાડો ઊભો કરી નાખે એવી ધાસ્તી સૌને હતી પણ એવું કશું બન્યું નથી ને અભિનંદન હેમખેમ ભારત પાછો આવી ગયો. પાકિસ્તાને વાઘા બોર્ડર પર આપણને અભિનંદનને સોંપી દીધો ને પછી ત્યાંથી અભિનંદનને અમૃતસર એરબેઝ લઈ જવાયો ને ત્યાંથી દિલ્હી લઈ જવાયો.

અભિનંદન પાકિસ્તાન કઈ રીતે પહોંચી ગયેલો તેની આપણને ખબર છે પણ એ પછી શું થયું તેની આપણને ખબર નથી. અભિનંદનના જે વીડિયો સૌથી પહેલાં આવેલા તેમાં તેને લોહી નિંગળતી હાલતમાં પાકિસ્તાનના જવાનો લઈ જાય છે એવું દેખાડાયેલું. એ વખતે એવું જ લાગતું હતું કે, પાકિસ્તાની લશ્કરના જવાનોએ તેની સાથે ક્રૂરતાપૂર્વક વ્યવહાર કરીને તેની ધોલાઈ કરીને ખીજ કાઢી છે. જો કે પાકિસ્તાને દાવો કર્યો છે કે, અભિનંદન સાથે અમે કોઈ જોર જબરદસ્તી નથી કરી ને તેને હાથ પણ નથી અડાડ્યો. અભિનંદનનો કહેવાતો બીજો એક વીડિયો પણ એ પછી બહાર આવેલો. આ વીડિયોમાં અભિનંદન ચાની ચુસકી લેતાં લેતાં એવું કહે છે કે, પાકિસ્તાને તેની સાથે કોઈ બદતમીઝી કરી નથી ને બહુ પ્રેમથી રાખ્યો છે.

અભિનંદનને લોહી નીકળતું હતું એ વિશે પણ પછી એવો ખુલાસો થયેલો કે, તેનું પ્લેન તૂટ્યું પછી પેરાશૂટ ખોલીને ઉતરતી વખતે એ પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે)માં ઊતરી ગયેલો. ત્યાં એ સ્થાનિક લોકોના હાથે જઈ ચડ્યો ને સ્થાનિક લોકોએ અજાણ્યા માણસને જોઈને હલ્લાબોલ કરી દીધું તેમાં તેની એ હાલત થયેલી. બાકી પાકિસ્તાની લશ્કરના જવાનોએ તો તેને છોડાવેલો ને પછી હેમખેમ પોતાની સાથે લઈ ગયેલા. અભિનંદન વિશે બીજી પણ કેટલીય વાતો ફરતી થઈ છે. અભિનંદને પોતાની પાસેના ડોક્યુમેન્ટ ફાડી નાખેલા ને કેટલાક ચાવી ગયેલો એવી બધી વાતો પણ ચાલી છે. આ બધી વાતોમાં શું સાચું ને શું ખોટું એ આપણને ખબર નથી.

અભિનંદન સાથે પાકિસ્તાને શું કર્યું એ વિશે આપણા લશ્કરના અધિકારીઓને પણ ખબર નથી ને પાકિસ્તાનની વાત પર ભરોસો કરી શકાય એમ નથી. પાકિસ્તાન તો જૂઠાણાં ફેંકવા માટે પંકાયેલું છે ને અભિનંદનના મામલે એ સાચું જ બોલતું હશે એમ માનવાને કોઈ કારણ નથી. જે વીડિયો પણ બહાર આવ્યા એ સાચા હશે એવું છાતી ઠોકીને કોઈ કહી ના શકે. અત્યારે ટેક્નોલોજીના જમાનામાં ગમે તેવા વીડિયો બનાવી શકાય. અભિનંદન કબજામાં હોય એટલે પાકિસ્તાની જવાનો તેને પણ કેમેરા સામે ગમે તે બોલવા મજબૂર કરી જ શકે. આપણે ત્યાં મીડિયા પણ ફેંકાફેંકીમાં કોઈનાથી કમ નથી. તેમાંય ટીવી ચેનલો તો પોતાની ટીઆરપી વધારવા મનફાવે તેવા તુક્કા ફેંકવામાં માહિર છે. અભિનંદનના કિસ્સામાં પણ એવું થયું હોઈ શકે. આ સંજોગોમાં અત્યાર લગી બહાર આવેલી આ બધી વાતોમાં સાચું શું છે ને ખોટું શું છે તેનો ખુલાસો અભિનંદન જ કરી શકે.

દિલ્હીમાં અભિનંદનની પૂછપરછ થશે ને તેમાં તેની સાથે ખરેખર શું થશે તેની ચોખવટ થશે. એ પૂછપરછમાં અભિનંદનને પાકિસ્તાને સારી રીતે રાખેલો એવી ખબર પડશે તો આ પ્રકરણ અહીં સમાપ્ત થઈ જશે. એવું નહીં હોય તો પાછી નવી ભાંજગડ આપણે કરવી પડશે ને પાકિસ્તાન સામે નવો મોરચો ખોલવો પડશે. એ કરવું જ પડે કેમ કે અહીં સવાલ આપણા એક લશ્કરી જવાનનો તો છે જ પણ સાથે સાથે તેની સાથે જોડાયેલા દેશના ગૌરવનો પણ છે. આ સંજોગોમાં આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતે ફરી પાકિસ્તાનને લબડધક્કે લેવું પડે. આશા રાખીએ કે અભિનંદન સાથે પાકિસ્તાન સારી રીતે વર્ત્યું હોય ને કોઈ ગુસ્તાખી ના કરી હોય કે જેથી આપણે બીજી કોઈ મગજમારી ના કરવી પડે.

જો કે અભિનંદનનું પ્રકરણ પૂરું થાય તો પણ પાકિસ્તાન સાથેનું પ્રકરણ પૂરું થવાનું નથી એ નક્કી છે. અત્યારે જ પાકિસ્તાન જે રીતે વર્તી રહ્યું છે તેના પરથી જ સ્પષ્ટ છે કે, પાકિસ્તાનની દાનત ખોરી છે ને એ કોઈ રીતે સુધરી શકે એમ જ નથી. અત્યારે એક તરફ પાકિસ્તાન અભિનંદનને ભારતને સોંપીને પોતે એક શુભેચ્છા પ્રગટ કરી હોવાની વાતો કરે છે ત્યારે બીજી બાજુ પાકિસ્તાની લશ્કર કાશ્મીર ને પંજાબની સરહદે ધડબડાટી બોલાવી રહ્યું છે. પાકિસ્તાની લશ્કર સરહદ પર બેફામ તોપમારો કરી રહ્યું છે. આ તોપમારો પાછો ભારતીય લશ્કરની ચોકીઓને નિશાન બનાવીને નથી કરાઈ રહ્યો પણ રહેણાંક વિસ્તારોને નિશાન બનાવીને કરાઈ રહ્યો છે.

પાકિસ્તાનનું લશ્કર આ ધંધો છેલ્લા ત્રણ દાડાથી કરી રહ્યું છે ને તેના કારણે આપણા કેટલાક નાગરિકો મરાયા પણ છે. આ તોપમારાના કારણે સરહદી વિસ્તારોમાં લોકોનું જીવવું હરામ થઈ ગયું છે. આ વિસ્તારમાં લોકો ઘરની બહાર નીકળી શકતાં નથી ને ધંધા-ધાપા બંધ થઈ ગયા છે. લોકોએ પોતાનાં ઘરોમાં ભરાઈ રહેવું પડે છે ને બહાર પણ નીકળી શકતાં નથી. પાકિસ્તાનના વડા પ્રધાન ઈમરાન ખાન એક બાજુ શાંતિની પત્તર ખાંડ્યા કરે છે ને બીજી બાજુ પાકિસ્તાની લશ્કર આ ધંધો માંડીને બેઠું છે. માનો કે ઈમરાન ખાન ખરેખર શાંતિ ઈચ્છતો હોય તો પણ તેનામાં એ તાકાત નથી જ કે તે પાકિસ્તાની લશ્કરને રોકી શકે. પાકિસ્તાની લશ્કર માતેલો સાંઢ છે ને તેને નાથવાની તાકાત કોઈ પાકિસ્તાની શાસકમાં નથી. પરવેઝ મુશર્રફ જેવા શાસક લશ્કરી વડા હતા છતાં પાકિસ્તાની લશ્કર તેમને ઘોળીને પી જતું હતું ને મનમાની કરતું હતું તો ઈમરાન તો કઈ વાડીનો મૂળો? ને પાકિસ્તાની લશ્કર તેની સરકારને ના ગાંઠતું હોય તો તેમાં આપણે શું કરીએ? એ ઈમરાનનો પ્રશ્ન છે, આપણો નથી. એ બંનેને મેળ નથી તેના કારણે આપણે ત્યાં હોળી સળગેલી રહે છે ને આપણે આકરી કિંમત ચૂકવીએ છીએ એ વાસ્તવિકતા છે.

પાકિસ્તાનના પીઠ્ઠુ જેવા કેટલાક લોકો આપણે ત્યાં પણ છે ને એ બધા પાકિસ્તાન સાથે મંત્રણા કરવાની પિપૂડી વગાડ્યા કરે છે. ભલા માણસ, મંત્રણા કરવાની કોની સાથે? ઈસ્લામાબાદમાં જે માણસ બેઠો હોય છે એ તો શોભાના ગાંઠિયા જેવો હોય છે પછી તેની સાથે મંત્રણા કરીને શું શકોરું લેવાનું? એ ગમે તેટલી મંત્રણા કરે ને માનો કે સંધિ કરી નાખે તો પણ પાકિસ્તાની લશ્કર તો તેને માનવાનું નથી. એ તો ગમે તેવી સંધિને ઘોળીને પી જશે ને અત્યારે જે ધંધા કરે છે એ ધંધા ચાલુ જ રાખશે.

આ સંજોગોમાં ભારત માટે આ પરિસ્થિતિને કઈ રીતે પહોંચી વળવું એ મોટો સવાલ છે ને તેનો જવાબ પાકિસ્તાનને કાયમ માટે પાંસરું કરવું એ જ છે. પાકિસ્તાનને કાયમ માટે પાંસરું કરવાનો અર્થ પાકિસ્તાની લશ્કરને પાંસરું કરવાનો છે. એ માટે ભારતે પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે) પર કબજો કરવો પડે. તેનું કારણ એ કે પાકિસ્તાની લશ્કર માટે પીઓકે બફરનું કામ કરે છે ને એ બફરનો ઉપયોગ કરીને એ આપણી મેથી માર્યા કરે છે. પાકિસ્તાન માટે પીઓકે સુરક્ષા કવચ છે ને એ સુરક્ષા કવચનો ભાંગીને ભારતે ભુક્કો કરવો હોય તો તેના પર કબજો કરવો પડે. પાકિસ્તાની લશ્કર આતંકવાદીઓને પીઓકેના રસ્તે જ ઘુસાડે છે ને ભારત પર તોપમારો કરે તો પણ પીઓકેમાંથી જ કરે છે. સામે આપણે તોપમારો કરીએ ને તેમાં કંઈ નુકસાન થાય તો એ પીઓકેને જ થાય. લોક મરે તો પણ પીઓકેનાં મરે ને માલમિલકતને નુકસાન થાય તો એ પણ પીઓકેમાં જ થાય.

હવે ભારત પીઓકે પર કબજો કરે તો શું સ્થિતિ થાય એ પણ સમજવા જેવું છે. પીઓકે પર ભારતનો કબજો થાય તો પછી ભારત ને પાકિસ્તાન સામસામે આવી જાય. સામે પાકિસ્તાનનું ખુલ્લું મેદાન હોય પછી આવી જાઓ. કાશ્મીર પૂરું થાય તેની સામે જ ઈસ્લામાબાદ છે ને પાકિસ્તાની લશ્કરનું હેડક્વાર્ટર રાવલપિંડી પણ નજીક જ છે. પીઓકે પર આપણો કબજો થાય તો ઈસ્લામાબાદ ને રાવલપિંડી બંને આપણી રેન્જમાં આવી જાય. આપણું લશ્કર પાકિસ્તાનના શાસકો ને લશ્કરી અધિકારીઓ બંનેને ચપટીમાં ચોળી શકે. અત્યારે આપણા લશ્કરે બર્ફીલી પહાડીઓમાં પડ્યા રહેવું પડે છે ને હજારો મુશ્કેલીઓ સહેવી પડે છે. એ બધી મુશ્કેલીઓનો પણ એકસામટો અંત આવી જાય.

એવું ક્યારેક થશે કે નહીં એ ખબર નથી પણ આ કકળાટનો કાયમી અંત લાવવા ભારતે એક વાર કોશિશ તો કરવી જ જોઈએ.

ટીવી ચેનલ્સ આત્મ-સંયમ અપનાવે

ભારતીય હવાઈ દળના અસલી હીરો વિંગ કમાન્ડર અભિનંદન વર્ધમાન સુખરૂપ પાછા ફર્યા એ આનંદ અને ગૌરવની બીના છે, પરંતુ એમની વાપસી અને પુલવામા હુમલા વચ્ચે ઘણું ચિંતાજનક, નિંદનીય, આઘાતજનક અને અસ્વીકાર્ય બની ગયું. આમાં ઊડીને વળગી ટેલિવિઝન ચેનલ્સની વાહિયાતગીરી.

સેંકડો- હજારોના જાનમાલનો સવાલ હોય, દેશની સુરક્ષાનો મામલો હોય, સરહદ સળગતી હોય અને એકદમ અસાધારણ સંજોગો હોય એની ગંભીરતા અને ઔચિત્ય જાળવવામાં ભારતીય ટીવી ચેનલ્સ ફુલ્લી નાપાસ થઈ છે. આ સમય છે હુંસાતુંસી, ટીઆરપી અને સ્પર્ધાથી ઉપર ઊઠીને દેશ માટે વિચારવાનો અને સમાજ માટે રચનાત્મક પ્રદાન આપવાનો. કોઈ ન્યૂઝ એન્કર લશ્કરી અધિકારીના પહેરવેશમાં હાથમાં રમકડાંની એ.કે. ૪૭ લઈને આવે એને હાસ્યાસ્પદ કહેવું કે ઘૃણાસ્પદ? અભિનંદનજી પાકિસ્તાની લશ્કરના કબજામાં હતા ત્યારે એમની નાની-નાની અને પ્રમાણમાં નકામી વિગતો રાડો પાડીપાડીને જાહેર કરાય? આતંકવાદીઓની સ્લીપર સેલના કિડા-મંકોડા કે ધાર્મિક એખલાસના દુશ્મનો આ માહિતીનો દુરઉપયોગ કરે અને એમના ઘર કે પરિવારજનોને હાનિ પહોંચાડે તો જવાબદાર કોણ? એને પગલે દેશની અંદર તંગદિલી વધે તો વાંક કોનો?

દુનિયામાં ક્યાંય કોઈ બાબતમાં બધા નિયમો લેખિત ન હોય. અમુક પગલાં ભરત પહેલાં જાતને સવાલ પૂછવો જોઈએ કે હું આવી સ્થિતિમાં હોઉં અને મારી વિગતો જગજાહેર થાય તો મને ગમે? સ્વ-શિસ્ત જેવું કંઈક છે. એ સાવ ભૂલી જવાય છે. યુદ્ધ હોય કે ભયંકર આતંકવાદી હુમલો, આપણી મોટાભાગની ચેનલ્સ દાટ વાળી નાખવામાં જરાય પાછી પડતી નથી. મુંબઈ પરના સૌથી ભયંકર આતંકવાદી હુમલા વખતે જીવ હથેળી પર લઈને આતંકવાદીઓ પાસે ધસી જનારા કમાન્ડોની હિલચાલની માહિતી ચેનલ થકી જ ત્રાસવાદીઓને મળી ગઈ હતી. આ કમાન્ડોના જીવ ગયા હોત તો ચેનલવાળા શું શહીદને પાછા જીવતા કરી આપવાના હતા? અને, દેશ પરનું જોખમ કંઈ મનોરંજન કે જોણું છે? કે તમે એકમેકથી આગળ વધવા ગમે તે હદ ઓળંગી શકો? ના, જરાય નહિ.

દેશ પર અસામાન્ય આફત હોય ત્યારે સંયમ, શિસ્ત, ગરિમા, મલાજો માત્ર આમજનતાએ કે રાજકારણીઓએ જ નહિ, ટીવી ચેનલ્સ પણ પાળવા-જાળવવાનો હોય. ચેનલ્સની જવાબદારી વધુ છે કારણ કે તેમની પહોંચ લાખો-કરોડો સુધી હોય છે. પ્રસારમાધ્યમો માટે આચારસંહિતા છે ખરી પણ આવા કટોકટીભર્યા સમય માટે સ્વ-શિસ્ત ન અપનાવાય તો એકદમ આકરા કાયદા ઘડાવા જોઈએ.

સતત સનસનાટી, બ્રેકિંગ ન્યૂઝ, જાહેરખબરોની આવક અને ટીઆરપીની આંધળી દોટમાં ભલે રહો. સ્પર્ધાત્મક માહોલમાં ટકી રહેવા અને બે પાંદડે થવા માટે એ અનિવાર્ય પણ હોઈ શકે, પરંતુ એમાં ઘટના કે પ્રસંગનું ઔચિત્ય ન ભુલાય, ન ભુલાય અને ન જ ભુલાય.

આવા ભારે સમયમાં ટીવી ચેનલ્સની સરખામણીએ અખબારોની ભૂમિકા ઘણી ધીર-ગંભીર અને પ્રશંસનીય રહે છે. આમાંથી ટીવી ચેનલ્સ ધડો લે એ જરૂરી છે.

ટીવી ચેનલ્સના માલિક, એન્કર, રિપોર્ટર અને અન્ય સંબંધિતોએ એક વાત ગાંઠે બાંધી લેવાની જરૂર છે કે સૌ પ્રથમ આપણે ભારતીય છીએ. એક આદર્શ નાગરિક તરીકેની ફરજ યુદ્ધના માહોલમાં ન ચુકાય? ભલે આ બધું આયોજનપૂર્વક ન થતું પણ આ ઉન્માદને અંકુશમાં રાખવાનો સમય છે, કસોટીનો સમય છે અને દાખલો બેસાડવાનો સમય છે.

ઘણીવાર ભયંકર દુર્ઘટના બને ત્યારે કેટલાંયના મોઢામાંથી નીકળી પડે કે સારું હતું. અમારા સમયમાં ટીવી ચેનલવાળા નહોતા. બસ, આ જ છે ચેનલવાળાની નિષ્ફળતા.

સામાન્ય દિવસોમાં તો સનસનાટી મચાવવામાં પરદેશી ટીવી ચેનલ્સવાળા હદ વટાવી જાય છે. ગોસિપિંગમાં શરમજનક હદે પહોંચે છે, પરંતુ કુદરતી આફત કે આતંકવાદ આક્રમણ જેવા સંજોગોમાં તેઓ જે કરે છે એ ઘણીવાર અનુકરણીય હોય છે. દેશી ચેનલવાળાઓ હવે અરીસામાં જોઈને શરમ અનુભવીને કંઈક શીખીશું ખરાં?



વિજયના ઉન્માદમાં ભારત એ ના ભૂલે કે પાકિસ્તાનને હજી આતંકવાદી રાષ્ટ્ર જાહેર કરાવવાનું છે.....!

સમગ્ર દેશે મિગ ૨૧ના પાયલોટ અભિનંદન વર્ધમાનનુ વીર નાયકની જેમ સ્વાગત કર્યું પાકિસ્તાનના લડાકુ વિમાનનો પીછો કરતા પાકિસ્તાનની હદમાં પહોંચી ગયેલ ભારતના મિગ ૨૧ના જાબાજ પાયલોટ અભિનંદન વર્ધમાનને પાકિસ્તાનની હદમાં ઉતરવું પડ્યું તેમની સાથે ત્યાંના સ્થાનિક લોકોએ ગેરવર્તન પણ કર્યું જે ના થવું જોઈએ આખરે ભારતે પોતાના આ જાબાજ પાયલોટને સહી-સલામત પાકિસ્તાનથી છોડાવવામાં સફળતા મળી પાકિસ્તાને ભારત ઉપર મિસાઈલ નાખ્યા તેના પુરાવા પણ ભારતની સેનાએ મીડિયા દ્વારા પાકિસ્તાને એફ ૧૬ વિમાન દ્વારા ભારતની ઉપર મિસાઈલ નાખ્યા પરંતુ ભારતને કોઈ નુકસાન થયું નથી પાકિસ્તાને કહ્યુ હતું કે તેણે ભારત ઉપર કોઈ મિસાઈલ ફેકી નથી તેવી કરેલી ઘોષણાના જવાબમા સેનાએ નાખવામાં આવેલી મિસાઈલ ના ટુકડા બતાવ્યા હકીકતમાં ભારતે પાકિસ્તાનને જે નુકસાન પહોંચાડ્યુ તે પુલવામાનો બદલો લેવાને માટે તેની જાણ દેશને આપવામાં આવે તો ભારત વધુ ઉચુ માથું રાખીને આંતરરાષ્ટ્રીય કક્ષાએ વધુ બેનનકાબ કરી શકે છે.

બોલિવૂડની અભનેત્રી તબુનું લોસ એંજલ્સ ઈન્ડિયન ફિલ્મ્સ ફેસ્ટિવલમાં સન્માન કરાશે એવી જાહેરાત ફેસ્ટિવલના પ્રવક્તાએ કરી હતી. એપ્રિલની ૧૧મીથી ૧૪ સુધી ચાલનારા આ ફેસ્ટિવલનું ઉદ્ઘાટન પણ તબુ કરશે. ફેસ્ટિવલના એક્ઝિકક્યુટીવ ડાયરેક્ટર કિશ્વન મરૌંદાએ મિડિયાને આપેલી માહિતીમાં કઈ કઈ ફિલ્મો રજૂ થશે અને અન્ય કઈ કઈ પ્રવૃત્તિ આ ફેસ્ટિવલમાં કરવામાં આવશે એની વિગતો પણ આપી હતી. તેમણે તબુને નિર્ભય, વર્સટાઈલ, સંજોગો સાથે સમાધાન કર્યા વિના પોતાનું કામ કરનારી અને પ્રતિભાવાન અભિનેત્રી ગણાવી હતી. આ ફેસ્ટિવલની વિશેષતા સમજાવતાં તેમણે કહ્યું હતું કે આ ફેસ્ટિવલમાં રજૂ થનારી મોટા ભાગની બલ્કે લગભગ બધી ફિલ્મો મહિલા સર્જકોની છે એ એની ખૂબી છે. અમે આ રીતે મહિલા સશક્તિકરણના વિચારને અમલમાં મૂક્યો છે. ફેસ્ટિવલના આરંભ તરીકે તબુની તાજેતરમાં રજૂ થયેલી ફિલ્મ અંધાધૂંન રજૂ કરાશે જેમાં આયુષમાન ખુરાનાએ મુખ્ય ભૂમિકા કરી હતી. આયુષમાનની અંધાધૂંન અને બધાઈ હો બંને ફિલ્મો ૨૦૧૮માં હિટ સાબિત થઈ હતી.



આતંકવાદ પ્રાયોજિત કરીને પાકિસ્તાન શું હાસલ કરવા માંગે છે..?!!: જાવેદ અખ્તર

મુંબઈ

પુલવામા હુમલાનાં જવાબમાં ભારતનાં પાકિસ્તાનને 'એર સ્ટ્રાઈક'નો જવાબ આપ્યો છે. તે બાદ વિંગ કમાંડર અભિનંદનને લઈને બંને દેશ વચ્ચે તાણ વધતી જઈ રહી છે. જ્યાં એક તરફ બોલિવૂડ સ્ટાર્સ અભિનંદનનાં પરત આવવા પર ખુશ છે ત્યાં ગીતકાર-લેખક જાવેદ અખ્તરે પાકિસ્તાન પર પોતાનો ગુસ્સો ઠાલવ્યો છે. તેણે પોતાનો ગુસ્સો એક કાર્યક્રમ દરમિયાન જાહેર કર્યો છે. જ્યાં તેમણે આતંકીઓ પર પાકિસ્તાનનાં વલણ અંગે નિવેદન આપ્યુ છે.

હાલમાં જ મુંબઈનાં એક ખાનગી કાર્યક્રમમાં ભાગ લેવા આવેલાં જાવેદ અખ્તરે મીડિયા સાથે ઘણાં મુદ્દાઓ પર વાત કરી હતી. આ કાર્યક્રમ દરમિયાન જાવેદ અખ્તર પાકિસ્તાન પર ખુબજ ગુસ્સે થયા હતાં. તેમણે કહ્યું હતું કે, 'હું સમજી નથી શકતો કે પાકિસ્તાનનો એજંડા શું છે? તે લોકો



આતંકવાદ પ્રાયોજિત કરીને શું હાંસેલ કરવા માંગે છે. આ વાત સૌ કોઈ જાણે છે કે આતંકવાદી સંગઠનનું તેઓ સમર્થન કરે છે પણ તે વાતનો હમેશાં ઈકાર કરે છે.' જાવેદ અખ્તરે મસૂદ અઝહરનો પણ મુદ્દો ઉઠાવ્યો તેમણે કહ્યું કે, આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદનાં સંસ્થાપક મસૂદ અઝહરને ભારતીય જેલમાંથી ત્યારે છોડવામાં આવ્યો હતો જ્યારે તેને ભારતીય વિમાનનું અપહરણ કરી લીધુ હતું. તે બાદ તે કેવી રીતે કંધારથી પાકિસ્તાન પહોચ્યો. પાકિસ્તાન આતંકી મસૂદ અઝહરની ધરપકડ કેમ નથી કરતો.' સાથે જ તેમણે એમ પણ કહ્યું કે હાલમાં પરિસ્થઈતિ ખુબજ ખાબ છે. ભારત દર વખતે શાંતિ બનાવી રાખી શકે નહીં. ક્યારેક તો જવાબ આપવાનો જ હતો. તેણે કહ્યું કે, પાકિસ્તાની કલાકાર પર પ્રતિબંધ જેવી બાબાતો તો સર્વ સામાન્ય છે. સીમા પાર જે થઈ રહ્યું છે તેને રોકવું જોઈએ. આપને જણાવી દઈએ કે પુલવામા હુમલા બાદ જાવેદ અખ્તર અને શબાના આઝમી પાકિસ્તાનમાં થનારી એક અહમ ઈવેન્ટને કેન્સલ કરવામાં આવી હતી.


રણબીર અને આલિયા ટૂંક સમયમાં જ સગાઈ કરી લેશે

મુંબઈ

હાલમાં આકાશ અંબાણી અને શ્લોકા મહેતાની પ્રી-વેડિંગ પાર્ટી સ્વિત્ઝરલેન્ડના સેંટ મોરિટ્ઝમાં યોજાઈ. પ્રી-વેડિંગ સેલિબ્રેશનમાં બી-ટાઉનના ઘણા સેલિબ્રિટીઝ હાજર રહ્યા. સેલિબ્રેશનની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. આ વીડિયોમાંથી કેટલાક વીડિયોમાં કરણ સ્ટાર જોડી રણબીર-આલિયાની લગ્નની હિન્ટ આપતો શૂટ થયો છે. આલિયા ભટ્ટ અને રણબીર કપૂર પોતાના સંબંધને લઈને સતત ચર્ચામાં છે. બંને એકબીજાના ફેમિલી ફંકશનમાં પણ સાથે જોવા મળે છે. રણબીર કપૂર કેટલીયવાર આલિયાના ઘરની મુલાકાત લઈ ચૂક્યો છે. તો



આલિયા પણ રણબીરના પરિવારના સભ્યો સાથે સંબંધો મજબૂત કરતી જોવા મળી રહી છે. હવે માહિતી મળી છે કે તેઓ ટૂંક સમયમાં જ સગાઈ કરી લેશે. રિપોર્ટ પ્રમાણે રણબીરની માતા નિતુ સિંહ ઈચ્છે છે કે બંને જલ્દીથી સગાઈ કરી લે અને સંબંધોમાં આગળ વધે. જેથી સગાઈ માટે તેમણે જૂન મહિનો પસંદ કર્યો છે. પરિવારના દબાણ છતાં આલિયા અને રણબીર પોતાના સંબંધને લઈને ઉતાવળ કરવા માંગતા નથી. બંને હાલ અયાન મુખરજીની ફિલ્મ 'બ્રહ્માસ્ત્ર'માં કામ કરી રહ્યા છે ત્યારે ફિલ્મ રિલીઝ થયા બાદ જ તેઓ સંબંધને નામ આપવા ઈચ્છે છે. આલિયા અને રણબીર બંને હાલ અયાન મુખરજીની ફિલ્મ 'બ્રહ્માસ્ત્ર'ના શૂટિંગમાં વ્યસ્ત છે. ફિલ્મમાં પહેલીવાર બંને સાથે જોવા મળશે. આ ફિલ્મમાં અમિતાભ બચ્ચન અને મૌની રોય પણ મહત્વની ભૂમિકા છે. ફિલ્મ બ્રહ્માસ્ત્ર ત્રણ ભાગમાં બનશે



આયુષમાન પ્રથમવાર ખાખી યુનિફોર્મમાં ચમકશે

અગાઉ વિવિધ રોલ્સ ભજવી ચૂકેલો આયુષમાન ખુરાના પહેલીવાર પોલીસ અધિકારીનો રોલ ભજવવા તૈયાર થયો છે અને મુલ્ક ફેમ ફિલ્મ સર્જક અનુભવ સિંહાની આ અનટાઈટલ્ડ ફિલ્મના શૂટિંગ માટે લખનઉ જવા રવાના થઈ ગયો હોવાનું જાણવા મળ્યું હતું. આ ફિલ્મનું શૂટિંગ પૂરેપૂરું લખનઉમાં કરવાની અનુભવ સિંહાની યોજના છે. સિંહાએ એવો દાવો કર્યો હતો કે મુલ્કની જેમ મારી આ ફિલ્મ પણ સત્યઘટના પર આધારિત છે અને સામાજિક સંદર્ભ ધરાવે છે. આયુષમાન પહેલીવાર આ પ્રકારનો રોલ કરી રહ્યો છે. અગાઉ એણે અલગ પ્રકારના અને બિનપરંપરાગત રોલ્સ કર્યા હતા. એની ૨૦૧૭ની ફિલ્મ શુભ મંગલ સાવધાન ઈરેક્શનલ ડિસ્ફંક્શનને લગતી હતી તો બધાઈ હોમાં યુવાન દીકરાઓની હાજરીમાં પ્રૌઢ વયની માતા અકસ્માતે ગર્ભવતી થઈ જાય એવી વાત હતી. ૨૦૧૮માં રજૂ થયેલી એની બંને ફિલ્મો બધાઈ હો અને અંધાધૂંધ ટિકિટબારી પર હિટ નીવડી હતી. જો કે એની પત્ની તાહિરાને કેન્સર થયું હોવાનું નિદાન પણ આ સમયગાળામાં થયું હતું.

મોદીજી, લોહું ગરમ છે મારી દો હથોડો આતંકી મસૂદનું કામ ખતમ કરો દેશને શાંતિ મળશે..!

ભારતના ૪૦થી વધુ જવાનોને આતંકી હુમલામાં શહીદ કરનારા જૈશ એ મોહમ્મદ નો વડો અને ચીન જેને આતંકી માનવા તૈયાર નથી એવા ખૂંખાર આતંકી મસૂદ અઝહરની આખરે ખબર પડી ગઈ પાકિસ્તાનના વિદેશ મંત્રી મહેમૂદ કુરેશીએ એક ટીવી મુલાકાતમાં જાહેર કરી દીધું કે મસૂદ પાકિસ્તાનમાં છે અને એટલો બીમાર છે કે ઘરથી બહાર નથી નીકળી શકતો અત્યાર સુધી પાકિસ્તાન એ વાતને લઈને ભારત અને દુનિયાને ગુમરાહ કરી રહ્યું હતું કે મસૂદ અમારે ત્યાં નથી. હવે જ્યારે પાકિસ્તાનના વિદેશ મંત્રીજ તેની જાણકારી આપી રહ્યા છે ત્યારે ભારત તેના પર વધુ દબાણ લાવીને તેના સુધી પહોંચી શકે છે. ભારતમાં કેટલાય નિર્દોષ લોકોની હત્યા કરવામાં આ આતંકીનો જ હાથ છે અને ભારતે પણ કેટલાએ પુરાવા દેશ અને દુનિયાને આપ્યા કે મસૂદના આતંકીઓએ કેટલા નિર્દોષ લોકોની હત્યા કરી છે આ એજ મસૂદ છે કે જેને અટલજીની સરકાર સરકારે ભારતના ૧૩૫ મુસાફરો ના બદલામાં જીવતો છોડવો પડ્યો હતો ભારત ત્યારથી તેની પાછળ છે તેનું ઠેકાણું શોધવાને માટે આખરે હવે નક્કી છે કે આતંકી મસૂદ પાકિસ્તાનમાં છે ત્યારે મોડું શા માટેપ..? કોની રાહ જોવાનીપપ?લોહા ગરમ હૈ તો માર દો હથોડાપપ!

ભારતે પાકિસ્તાનના ઘરમાં ઘૂસીને ૩૦૦થી વધુ આતંકીઓનો ખાતમો કરી દીધા પછી નાણામંત્રી અરુણ જેટલીએ દેશને વિશ્વાસ આપ્યો કે જો અમેરિકા લાદેનને પાકિસ્તાનમા તેના ઘરમાં ઘૂસી જઈને તેના ઘરમા મારી શકે છે તો ભારત શા માટે મારી શકે નહીંપપ? કાંઈ પણ સંભવ છે જેટલીજીના નિવેદનથી ભારતનું માથુ વધુ ઊંચું થઈ ગયું. જે રીતે ભારતે પાકિસ્તાનની છાતી ઉપર પગ રાખીને તેના ૩૦૦થી વધુ આતંકી મારી નાખ્યા એવી જ રીતે હવે ભારત ફરી એકવાર પાકિસ્તાન ઉપર દબાણ લાવીને આતંકી મસૂદ સુધી પહોંચવાનો રસ્તો બનાવે. બાકીનું કામ ભારતની જાબાજ સેના ના કમાન્ડો પૂરું કરશે. જેટલીએ સાચું કહ્યું કે લાદેને અમેરિકામાં આતંકી હુમલો કર્યો અને અમેરિકાએ તેને ઠેકાણે પાડી દીધો. આતંકી મસૂદે પણ ભારત પર હુમલો કરીને આપણા ૪૦ થી વધુ જવાનોના જીવ લઈ લીધા તો ભારત પણ મસૂદને તેના સહી અને અંતિમ ઠેકાણે પહોંચાડી શકે છે. આવી કાર્યવાહીમાં માહેર ઈઝરાયલ દેશ ભારત નો જૂનો મિત્ર છે ઈઝરાયેલે તેલ અવિવ થી હજારો કિલોમીટર દૂર એન્ટોબી એરપોર્ટ ઉપર હુમલો કરીને પોતાના અનેક નાગરિકોને જીવતા લઈ આવવામાં સફળ રહ્યું હતું ઈઝરાયેલ ની ગુપ્તચર એજન્સી મોસુલનો પણ ભારત ઉપયોગ કરીને આતંકી મસૂદના ઘરમાં ઘૂસી જઈને તેના કરેલા કામની સજા આપવાનો મોકો ગુમાવવો ન જોઈએ કેમકે પાકિસ્તાને પહેલીવાર ભારતના દબાણમાં આવીને એવુ માન્યુ કે આતંકી મસૂદ તેના જ દેશમાં છે અને તેની હાલત કેવી છે આનાથી સારો મોકો ભારતને માટે બીજો કયો હોઇ શકે છે..? ભારત જો આવું પગલું ભરે તો અમેરિકા સહિત તમામ દેશો આ આતંકીને પૂરો કરવામાં ભારતનો સાથ આપશે. ભારતને પોતાની રક્ષા કરવાનો પૂરેપૂરો હક છે એ અમેરિકા પણ માની ચૂક્યું છે ત્યારે ભારત બધાનો સાથ લઈને એક એવો કાયમી દાખલો બેસાડે કે મસૂદને તેના સાચા ઠેકાણા પર લગાવી દીધા બાદ કોઈ નવો મસૂદ ભારતની તરફ આંખ ઉઠાવીને જોવાની હિંમત નહિ કરે. કેમકે નવા ભારતમાં આતંકવાદને કોઈ સ્થાન નથી અને તેની શરૂઆત આતંકી મસૂદની બલી ની સાથે થાયપ..! મોદીજી, સોગંદ છે આપને,, માં ભારતીનું શીશ ઝુકે નહીપ સોગંદ છે તમને આતંકી મસૂદ ભાગી ના શકેપ..!!!

જેમના ઘરમાંથી કોઈ મરવાનું નથી તેવા લોકો યુધ્ધ-યુધ્ધની બુમો પાડે છે

પુલવામા હુમલો પછી આખો દેશ નારાજ થઈ ગયો હતો, તેની નારાજગીમાં તેમનો ગુસ્સો પણ હતો, કીડી મકોડાની જેમ આપણા જવાનોને મારી નાખતા આંતકીઓ સામે લડાયક બનવુ જોઈએ તેવો તેમનો સુર હતો. આવુ જ થવું જોઈએ તેમાં કોઈ બે મત નથી, પણ દેશનો એક મોટો હિસ્સો પાકિસ્તાન સાથે યુધ્ધ કરોની બુમો પાડી રહ્યો હતો, યુધ્ધ કરો તેવું બોલવું જેટલુ સરળ છે એટલું યુધ્ધ સરળ નથી. આપણે અને વિશ્વએ યુધ્ધની ભયાનકતા જોઈ છે. જે પરિવારોએ યુધ્ધમાં પોતાના પરિવારના સભ્યો ગુમાવ્યા છે તેમને તો એક વખત પુછો કે યુધ્ધ કેટલુ પીડાદાયક હોય છે. પુલાવામા હુમલા પછી આપણા ફાઈટર પ્લેન એલઓસી ક્રોસ કરી પાકિસ્તામાં ઘુસી ગયા હતા જેમાં પાઈલોટ અભિનંદન પકડાઈ ગયો હતો, આ જ દિવસે આપણું એક હેલીકોપ્ટર પણ ક્રેસ થયું જેમાં બે પાઈલોટ માર્યા ગયા હતા, પાકિસ્તાન દાવો કરે છે આ હેલીકોપ્ટર તેમણે તોડી પાડયું હતું .ખેર કોણે હેલીકોપ્ટર તોડયું તે ગૌણ બાબત છે, પણ હેલીકોપ્ટરના પાઈલોટની પત્નીએ કહ્યું યુધ્ધ ક્યારેય ઉકેલ હોઈ શકે નહીં, તેણે કહ્યું મને મારા પતિની મૃત્યુની પીડા સમજાય છે છતાં કહું છું કે યુધ્ધ કરશો નહીં. યુધ્ધ કરોની બુમો પાડતા મોટા ભાગના લોકો શહેરી હતા જેઓ સરહદથી કિલોમીટરો દુર રહે છે. યુધ્ધ જીંદગીને કેટલી બરબાદ કરે છે તે માત્ર સૈન્યને જ નહીં પણ સરહદી વિસ્તારના ગામોમાં રહેતા કોઈ ગામડાના માણસોને પુછો તો સમજાશે કે યુધ્ધ કરવુ જોઈએ કે નહીં, જેઓ સરહદને અડીને રહે છે તેમનો જીવ કાયમ તાળવે ચોટી રહે છે. યુધ્ધના નગારા વાગતા તેઓ પોતાના ઘર અને સંપત્તી છોડી જીવ બચાવવા ભાગી છુટે છે. જેમને યુધ્ધમાં સીધી રીતે કઈ ગુમાવવાનું નથી તેવા જ લોકો યુધ્ધ કરો હિમાયત કરતા હોય છે, જેમ ભારતમાં સારા લોકો રહે છે તેવા જ સારા લોકો પાકિસ્તાનમાં પણ રહે છે. પુલાવામાં હુમલા પછી પાકિસ્તાનમાં પણ સેકડો લોકો રસ્તા ઉપર મીણબત્તી લઈ ઉતરી પડયા હતા અને તેમણે પુલાવામા હુમલાની નિંદા કરી હતી, પરંતુ આપણુ મીડિયા તે આપણને બતાડતુ નથી તેના સમાચારો પણ આપતુ નથી.

પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાનખાને પણ બહુ સુચક વાત કહી હતી, જો તમે ઈમરાનખાનના સારા પગલાની વાત ભારતમાં કરો તો તમારી ઉપર દેશ વિરોધીનો થપ્પો વાગી જવાનો ભય સતત રહે છે. જેમ ભારતમાં યુધ્ધ કરોના નારા લાગી રહ્યા હતા તેવી જ સ્થિતિ પાકિસ્તાનમાં પણ હતી. ભારતીય વાયુ સેનાએ એરસ્ટ્રાઈક કર્યા પછી પાકિસ્તાનમાં પણ ઈમારનખાન વિરૂધ્ધ દેખાવ થયા હતા અને શરમ કરો-શરમ કરોના નારા લાગ્યા હતા કરો. પાકિસ્તાનમાં પણ પાગલોનું એક મોટુ ટોળુ યુધ્ધ કરો તેવી માગણી કરી રહ્યું હતું. ત્યારે ઈમરાનખાને બહુ સુચક નિવેદન કર્યું કે, જો યુધ્ધ થયુ તો મારા (ઈમરાનખાન) અને નરેન્દ્ર મોદીના હાથમાં તેનું નિયંત્રણ રહેશે નહીં, યુધ્ધની કિંમત એક પેઢી ચુકવતી નથી, પણ ત્રણ-ચાર પેઢીઓ યુધ્ધની ભરપાઈ કરવી પડે છે. યુધ્ધ કરનાર પ્રત્યેક દેશ એક દસકો પાછળ જતો રહે છે.

એર સ્ટ્રાઈક પછી ગેલમાં આવી ગયેલા ભારતીય અને મીડિયા હાઉસીસના મનમાં આવે તેવુ તમામ નિયમો બાજુ ઉપર મુકી બેફામ નિવેદનો કરતા હતા, પણ આ વખતે જેમનો પુત્ર, પતિ, ભાઈ, બહેન, પત્ની અને પુત્રી સેનામાં હતા તેમના પરિવારને જોઈ પુછો કે, આ વખતે તમારી માનસીક સ્થિતિ કેવી હતી. જેમના પરિવારના સભ્યો સેનામાં છે તેમને યુધ્ધ શબ્દ ઉનાળાની ગરમીમાં પણ ધ્રુજાવી નાખે છે. કારણ તેમનું સ્વજન સરહદ ઉપર છે અને તેમને ડર લાગે છે કે જો યુધ્ધ થશે તો તેમનું સ્વજન ઘરે પાછું આવશે કે નહીં, જોકે સ્વજનને મળેલી દેશ સેવાની કામગીરીનો ગર્વ પણ હોય છે પણ આ ભયની ભાવના પણ તેમના મનમાં ઊભી થાય છે.

ગુજરાતની એક મહિલાએ જેનો પતિ સેનામાં ફરજ બજાવે છે. તેને ટીવીમાં આવી રહેલા સમાચાર જોઈ એટલો ડર લાગ્યો કે તેણે આત્મહત્યા કરી લીધી હતી. આપણે પાકિસ્તાન સામે બેફામ બોલી રહ્યા હતા ત્યારે કલ્પના કરો કે અભિનંદનના પરિવારની કેવી સ્થિતિ હશે, કારણ તેમનો પતિ-પુત્ર અને પિતા પાકિસ્તાનની કસ્ટડીમાં હતો, આમ જેમને કઈ ગુમાવવાનું જ નથી તેવા જ લોકો યુધ્ધના નાગરા વગાડી રહ્યા છે.

આજે ગુણસદા ખાતે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં ખાતમુહૂર્ત અને લોકાર્પણ સમારોહ યોજાશે

વ્યારા:

આજે તા. ૩જી, માર્ચના રોજ સવારે ૦૮:૩૦ કલાકે તાપી જિલ્લાના સોનગઢ તાલુકામાં આવેલા ગુણસદા ગામે રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીની અધ્યક્ષતામાં વિવિધ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ તથા વન અધિકાર પત્રોનો વિતરણ સમારોહ યોજાશે.

આ કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નિતિનભાઇ પટેલ સહિત રાજયના મહેસૂલ મંત્રી કૌશિકભાઇ પટેલ, આદિજાતિ વિકાસ મંત્રી ગણપતસિંહ વસાવા, પાણી પુરવઠો, પશુપાલન અને ગ્રામગૃહ નિર્માણ મંત્રી કુંવરજીભાઇ બાવળિયા, સામાજીક ન્યાય અને અધિકારિતા મંત્રી ઇશ્વરભાઇ પરમાર, રાજયકક્ષાના જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી પરબતભાઇ પટેલ, રાજયકક્ષાના વન અને આદિજાતિ વિકાસ મંત્રી રમણભાઇ પાટકર, ભરૂચના સાંસદ મનસુખભાઇ વસાવા, બારડોલીના સાંસદ પ્રભુભાઇ વસાવા ઉપસ્થિત રહેશે.


મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી અને અન્ય મહાનુભાવો રૂા. ૯૧૧.૮૪ કરોડની સોનગઢ, ઉચ્છલ, નિઝર અને કુકરમુન્ડા તાલુકાની ઉદ્વહન સિંચાઇ યોજનાઓ, રૂા. ૧૯૯૯.૪૯ લાખનો વ્યારા-ખેરવાડા રોડ, ૧૫૦૦ લાખનો કરોડ-મોહિની-ટાવલી રોડ, રૂા. ૧૩૦૦ લાખનો વેલ્દા-કવીઠા-કુકરમુન્ડા રોડ, રૂા.૧૧૩૦ લાખનો સોનગઢ-વાઘનેરા-બોરીસાવર રોડ, રૂા. ૧૧૦૦ લાખનો ધામણદેવી-સરાકેવડી રોડ, રૂા. ૯૫૦ લાખનો મીઢોળા નદી પરનો બ્રિજ એક્રોસ અને રૂા. ૭૫૦ લાખનો છીપણ ખાડી પરનો મેજર બ્રિજ એક્રોસનું ભૂમિપૂજન કરવામાં આવશે.

જયારે રૂા. ૨૭૯૩.૯૪ લાખના ખર્ચે નવનિર્મિત ડોલવણ, કુકરમુન્ડા અને ઉચ્છલ તાલુકાના તાલુકા સેવાસદનો, સુરત જિલ્લાના માંડવી, માંગરોળ અને ઉમરપાડા તાલુકાના ગામોને આવરી લેતી રૂા. ૨૫૬.૧૫ કરોડની કાકરાપાર જૂથ પાણી પુરવઠા યોજના અને સોનગઢ ખાતે સોનગઢ નગરપાલિકા દ્વારા રૂા. ૧૨૫ લાખના ખર્ચે બનેલ ઓડિટોરિયમનું લોકાર્પણ કરવામાં આવશે. નર્મદા જિલ્લાના ડેડિયાપાડા અને સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના ગામોને સિંચાઇની સગવડ મળી રહે એ માટેની રૂા. ૭૧૯.૬૬ કરોડની તાપી-કરજણ લિંક યોજનાની ઘોષણા કરવામાં આવશે. આ ઉપરાંત જે.કે પેપર લિમીટેડ દ્વારા રૂા. ૧૬૦૦ કરોડના ખર્ચે કરવામાં આવનાર પ્લાન્ટના આધુનિકરણ અને વિસ્તરણના કામનો શિલાન્યાસ કરવામાં આવશે.

મુખયમંત્રીના કાર્યક્રમને અનુલક્ષીને જિલ્લા વહીવટીતંત્ર પણ તૈયારીઓને આખરી ઓપ આપવામાં વ્યસ્ત થઈ ગયું છે. જિલ્લા કલેકટર આર.એસ.નિનામાએ આજે કાર્યક્રમના સ્થળની મુલાકાત લઈ તૈયારીઓની સમીક્ષા કરી સ્થળ પર જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓની બેઠક યોજી હતી.

જિલ્લા પોલીસ અધિક્ષક એન.એન.ચૌધરીએ પણ કાર્યક્રમને અનુલક્ષીને બંદોબસ્ત માટે તહેનાત પોલીસ અધિકારી/કર્મચારીઓની બેઠક યોજી હતી. આ ઉપરાંત પોલીસ વિભાગ દ્વારા આવતીકાલના કાર્યક્રમનું રીહર્સલ કરી તમામ પોલીસ કર્મચારીઓને માર્ગદર્શન આપ્યું હતું.

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીની ઉપસ્થિતિમાં યોજાનારા આ કાર્યક્રમમાં સુરત, તાપી, નર્મદા જિલ્લામાંથી મોટી સંખ્યામાં લાભાર્થીઓ અને પ્રજાજનો ઉપસ્થિત રહેશે.



અનુપમ ખેરે પોતાના ટ્વિટર અકાઉન્ટ પરથી પોતાની નવી ફિલ્મ 'વન ડે'નું પોસ્ટર શેર કર્યું છે. તેની સાથે સૂચક ટેગલાઈન પણ છે કે, 'નૌકરી સે રિટાયર હુઆ હૂં, ઝિંદગી સે નહીં.' ડિરેક્ટર અશોક નંદાની આ ફિલ્મ કાઈમ સસ્પેન્સ કોર્ટરૂમ ડ્રામા હોય તેવું લાગી રહ્યું છે, જેમાં અનુપમ ખેર વકીલની ભૂમિકામાં દેખાશે.

પાકિસ્તાનની નફ્ફટાઈ, મસૂદ અઝહરને બચાવવાની ફિરાકમાં લાગ્યુ

૨૪ કલાકમાં જ પાકિસ્તાનનો યૂ-ટર્નઃ પુલવામા હુમલામાં જૈશ-એ-મોહમ્મદે જવાબદારી નથી લીધી

ઈસ્લામાબાદ

પાકિસ્તાને પુલવામામાં સીઆરપીએફનાં કાફલા પર થયેલા હુમલામાં આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદનાં રોલને છુપાવવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો છે. પાકિસ્તાનનાં વિદેશ મંત્રી શાહ મહેમૂદ કુરૈશીએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે પુલવામા હુમલા માટે જૈશ જવાબદાર નથી. શાહ મેહમૂદ કુરેશીએ કહ્યું કે જૈશ દ્વારા આ હુમાલાની જવાબદારીની જે વાત કહેવામાં આવે છે તેમાં કન્ફ્યુઝન છે. તેમણે આ હુમલાની જવાબદારી નથી લીધી.

કુરૈશીએ કહ્યું, 'ના, તેમણે આ હુમલાની જવાબદારી નથી લીધા. આમાં એક ભ્રમની સ્થિતિ છે. ભ્રમ એ છે કે જૈશનાં નેતૃત્વએ આ મામલામાં આવું કંઇ નથી કહ્યું.' શાહ મહેમૂદ કુરૈશીએ એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે હુમલા પછી જૈશે જાતે જ આ હુમલાની જવાબદારી સ્વીકારી હતી. જેના જવાબમાં કુરૈશીએ કહ્યું કે તેમણે કોઇ જવાબદારી નથી લીધી. જેમાં વિરોધાભાસની સ્થિતિ છે. કુરૈશીએ જૈશને બચાવવાનો પુરતો પ્રયત્ન કર્યો. મહત્વનું છે કે પુલવામા હુમલામાં સીઆરપીએફનાં ૪૦ જવાન શહીદ થઇ ગયા છે. આ હુમલા પછી જૈશે એક વીડિયો જાહેર કરીને આ હુમલાની જવાબદારી લીધી હતી.

આ પહેલા શુક્રવારે શાહ મહેમૂદ કુરૈશીએ એક ઈન્ટરવ્યૂ આપ્યો હતો. વિદેશ મંત્રીને જ્યારે પૂછવામાં આવ્યું કે શું આતંકી મસૂદ અઝહર પાકિસ્તાનમાં જ છે, ત્યારે તેમણે જણાવ્યું કે, ×મને ખબર છે ત્યાં સુધી અઝહર મસૂદ પાકિસ્તાનમાં જ છે. તેની હાલત ખૂબ જ ખરાબ છે. તે ઘરથી બહાર પણ નથી નીકળી શકતો. ભારત પાસે તેની વિરુદ્ધ પુરાવા હોય તો પાકિસ્તાન સાથે શેર કરે, જેનાથી અમે પાકિસ્તાનની કોર્ટ અને લોકોને વિશ્વાસમાં લઈ શકીએ.

પાક.ની નફ્ફટાઈ, આતંકીનું નિયમિત ડાયાલિસિસ થઈ રહ્યું છે

આતંકી મસૂદ અઝહરની કિડની ખરાબ થતા રાવલપિંડી હોસ્પિટલમાં દાખલ કરાયો

ઈસ્લામાબાદ

પુલવામા આતંકવાદી હુમલાના માસ્ટર માઈન્ડ મસૂદ અઝહરની કિડની ખરાબ થતા તેને સારવાર માટે રાવલપિંડીની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો. જ્યાં આર્મી હોસ્પિટલમાં આતંકી મસૂદની સારવાર અને તેનુ નિયમિત ડાયાલિસિસ કરવામાં આવી રહ્યુ છે. ગઈ કાલે પાકિસ્તાનના વિદેશ પ્રધાન કુરેશીએ જણાવ્યુ હતુ કે, મસૂદ અઝહરની તબિયત વધારે ખરાબ હોવાના કારણ તે ઉઠી શકે તેમ નથી.

કુરેશીના નિવેદન બાદ ભારત સરકારના એક અધિકારીએ જણાવ્યુ હતુ કે, પાકિસ્તાના વિદેશ પ્રધાન અને ઈમરાન ખાનની સરકાર મસૂદ અઝહરના સાગરિતોની જેમ કામ કરી રહી છે. કુરેશીએ આ પહેલા એક નિવેદનમાં કહ્યુ હતુ કે, અમે પુલવામા હુમલા બાદ ભારત સાથે વાતચીત કરવા તૈયાર છીએ.

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીએ લોકસભા ચૂંટણીઓ ૨૦૧૯ના અનુસંધાને

વડોદરા સહિત મધ્ય ગુજરાતના ૦૬ જિલ્લાઓના જિલ્લા ચૂંટણી તંત્રોની સુસજ્જતાની કરી સમીક્ષા



ચૂંટણીઓના આયોજનને સ્પર્શતા વિવિધ મુદ્દાઓનું આપ્યુ માર્ગદર્શન : જિલ્લાના વિશિષ્ઠ પ્રશ્નોના નિરાકરણનો કર્યો વિચાર વિમર્શ ચૂંટણીઓને લગતી તમામ બાબતોમાં સુસજ્જ રહેવા અને ક્ષતિરહિત સંપૂર્ણ તૈયારીઓ કરવા ખાસ અનુરોધ

વડોદરા

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી ડૉ. એસ.મુરલી ક્રિષ્ણે વડોદરાની મુલાકાત દરમિયાન વડોદરા ઉપરાંત પંચમહાલ, દાહોદ, મહિસાગર, છોટાઉદેપુર અને નર્મદા જિલ્લાઓમાં જિલ્લા ચૂંટણી તંત્રો દ્વારા સુસજ્જતા અને પૂર્વ તૈયારીઓની વિગતવાર સમીક્ષા કરી હતી. આ બેઠકમાં સંબંધિત જિલ્લાઓના જિલ્લા ચૂંટણી અધિકારીઓ ઉપરાંત અધિક/નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીઓ, મતદાર નોંધણી અધિકારીઓ, મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓ ઉપરાંત એમસીસી, સ્વીપ જેવી બાબતોના નોડેલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી સમક્ષ સંબંધિત જિલ્લા ચૂંટણી તંત્રોએ પંચે સૂચવેલી બાબતોને વણી લેતું પ્રેઝન્ટેશન રજૂ કર્યુ હતુ. તેમણે ચૂંટણીઓને સ્પર્શતી તમામ બાબતોમાં સંપૂર્ણ અને ક્ષતિરહિત પૂર્વ તૈયારીઓ કરવા અને સુસજ્જતા કેળવવા ખાસ અનુરોધ કર્યો હતો. વડોદરા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શાલિની અગ્રવાલે સહુને આવકાર્યા હતા. તેમણે રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીને આવકાર્યા હતા અને વડોદરા જિલ્લા ચૂંટણી તંત્રનું પ્રેઝન્ટેશન રજુ કર્યુ હતું.

આજની બેઠકમાં ચૂંટણીની તૈયારીઓ ઉપરાંત સંબંધિત જિલ્લાઓમાં ચુનાવી પૂર્વ તૈયારીઓ અને સુસજ્જતા વિષયક કોઈ ખાસ મુદ્દાઓ/પ્રશ્નો હોય તો તેની ચર્ચા વિચારણા અને નિરાકરણનો વિમર્શ કરવામાં આવ્યો હતો. બેઠકમાં અધિક મુખ્ય નિર્વાચન અધિકારીઓ સર્વશ્રી અશોક માણેક, શ્રીમતી પી.ભારતી અને જયદીપ દ્વિવેદીએ પણ માર્ગદર્શન આપ્યુ હતું.

બેઠકમાં મતદાર યાદીઓ, ઈવીએમ-વીવીપેટ, મતદાન મથકો, મતદાન મથકો ખાતે ઠરાવેલા વિવિધ માપદંડો પ્રમાણે જરૂરી સુવિધાઓની ઉપલબ્ધતા, કાયદો-વ્યવસ્થા તેમજ મોડેલ કોડ ઓફ કંડક્ટને લગતી બાબતો, ચૂંટણી ખર્ચ નિયંત્રણ અને ચકાસણીની વ્યવસ્થાઓ, ઈ-વીજીલ તથા કમ્પલેઈન્ટ મોનીટરીંગ, મતદાર જાગૃતિ શિક્ષણ (સ્વીપ), સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા મતદાર જાગૃતિ તેમજ માનવસંપદા અને તાલીમની બાબતો વણી લેવામાં આવી હતી.

આ ઉપરાંત પોલીંગ સ્ટાફ ડેટાબેઝ મેનેજમેંટ, ઈઆરઓનેટ પર મતદાર યાદીની સતત સુધારણા તેમજ ચૂંટણીઓના અનુસંધાને સીંગલ વીન્ડો સિસ્ટમ-એ કબારી પદ્ધતીની નવીન સુવિધા શરૂ કરવા અંગે મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીએ તલસ્પર્શી માર્ગદર્શન આપ્યું હતુ.

સ્કુલ કોલેજ સ્પોર્ટસ લીગમાં એન્ટ્રીની મુદત લંબાવાઇ

વડોદરા

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત સંચાલિત ગુજરાત સ્કુલ અને કોલેજ સ્પોર્ટસ લીગ ૨૦૧૮-૧૯ની ઓનલાઇન એન્ટ્રી કરવાની મુદત આદેશ મુજબ ૧૧/૦૩/૨૦૧૯ સુધી લંબાવવામાં આવી છે.

વડોદરા શહેર અને જિલ્લાની તમામ શાળા/કોલેજોએ આ અંગે વધુ માહિતી વેબસાઇટ્ટુ.ારીક્ષીપ્રેદ્ધઠ્ઠિં.પ્તિ/ક્ષીદ્ધઠ્ઠપ્તી પરથી મેળવી લેવાની રહેશે. દરેક ભાગ લેવા માંગતી સ્કુલ અને કોલેજ દ્વારા વેબસાઇટ પર જઇ એન્ટ્રી કરવાની રહેશે અને ઓનલાઇન એન્ટ્રી કરેલ ફોર્મ તથા ખેલાડીઓના એલીજીબીલીટીના ઓરીજીનલ ફોર્મ સિનિયર કોચ કચેરી, વાઘોડિયા સ્પોર્ટસ કોમ્પલેક્ષ, પરિવાર ચાર રસ્તા, વડોદરા ખાતે જમા કરવાના રહેશે, એવું વડોદરા સિનિયર કોચશ્રી જયેશ ભાલાવાલાએ જણાવ્યું છે.

વડોદરા શહેરમાં હથિયારબંધી

વડોદરા

વડોદરા શહેરમાં આગામી દિવસોમાં જુદી-જુદી શોભાયાત્રાઓ, અન્ય રેલીઓ, સભા, ધરણાં, પરીક્ષાના કાર્યક્રમો તથા હાલની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને પોલીસ કમિશનરશ્રી, વડોદરાએ કાયદાની લાગુ પડતી જોગવાઇઓને અનુલક્ષીને તેમની હકુમત હેઠળના વિસ્તારમાં તા. ૧૫/૦૩/૨૦૧૯ સુધી હથિયારબંધી ફરમાવી છે.

તદઅનુસાર, આ સમયગાળા દરમિયાન શસ્ત્રો, ડંડા, લાકડી, લાઠી, તલવાર, ભાલા, સોટી, બંદૂર, ખંજર, ચપ્પા જેવા શારીરિક હિંસા થાય તેવા હથિયારો સાથે ફરવા, સરઘસ સાથે સળગતી મશાલ રાખવી, પૂતળા બાળવા, લટકાવવા, પૂતળાને ફાંસી આપવા, છટાદાર ભાષણો કરવાં સુરૂચિનો ભંગ થાય જેવા કૃત્યો પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હૂકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

રેલવે અકસ્માતમાં અજાણ્યા પુરૂષનું મરણ

વડોદરા

નંદેસરી ફાટકથી વાસદ તરફ જતી રેલવે લાઇન પર તા.૨૧/૦૨/૨૦૧૯ના રોજ ટ્રેન સાથેના અકસ્માતમાં અંદાજે ૪૮ વર્ષની ઉંમરનો અજાણ્યો પુરૂષ ઇજાગ્રસ્ત થયો હતો જેનું એસએસજી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મરણ થયું હતુ. તેના વાલીવારસોને સત્વરે નંદેસરી પોલીસ મથકનો સંપર્ક કરવા જણાવાયું છે.

મૃતક ગૌતમભાઇના વાલીવારસો સંપર્ક કરે

વડોદરા

ખોડિયારનગર શાકમાર્કેટ વિસ્તારમાં ભિક્ષાવૃત્તિથી જીવતા ગૌતમભાઇ બીમારીને લીધે બેભાન થઇ જતા ગોત્રી જનરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અંદાજે ૩૫ વર્ષની ઉંમરના આ વ્યક્તિનું તા.૦૧/૦૩/૨૦૧૯ના રોજ સારવાર દરમિયાન મરણ થયું હતુ. મૃતકે ભૂરા રંગનું પેન્ટ, પીળા રંગનું શર્ટ અને ભૂખરા રંગનું સ્વેટર પહેર્યું છે. તેના વાલીવારસોને સત્વરે હરણી પોલીસ મથકનો સંપર્ક કરવા જણાવાયું છે.

સાગબારા તાલુકાના દેવમોગરા ખાતે તા.૪ થી ૮ મી માર્ચ દરમિયાન મહા શિવરાત્રીના પર્વે ભાતીગળ મેળો ભરાશે



આદિવાસી સમાજની કુળદેવી પાંડોરી માતાજીના મંદિરે દર વર્ષે યોજાતા પારંપરિક મેળામાં ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન ઉપરાંત અન્ય રાજ્યોમાંથી પણ લાખોની સંખ્યામાં આદિવાસી સમાજના શ્રધ્ધાળુઓ આવશે

રાજપીપળા : નર્મદા જિલ્લાના નિવાસી અધિક કલેક્ટર એચ.કે.વ્યાસના અધ્યક્ષપદે આજે રાજપીપળા કલેક્ટરાલય ખાતે આગામી તા. ૪ થી તા.૮મી માર્ચ દરમિયાન સાગબારા તાલુકાના દેવમોગરા ખાતે મહા શિવરાત્રિના પાવન પર્વે આદિવાસી સમાજની કુળદેવી પાંડોરી માતાજીના મેળાની થનારી ભવ્ય ઉજવણીના સુચારા આયોજન અંગે તમામ પ્રકારની વ્યવસ્થાના ભાગરૂપે સંબંધિત વિભાગોને સોંપાયેલી ફરજો અને જવાબદારીઓ સુપેરે નિભાવવા વ્યાસે ખાસ અનુરોધ કર્યો હતો.

નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક રાજેશ પરમાર, દેડીયાપાડા પ્રાંત અધિકારી ડી.એન. ચૌધરી, દેડીયાપાડા-સાગબારાના મામતદારો સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ તેમજ પાંડોરી માતા દેવમોગરા માઇ મંદિર ટ્રસ્ટના મંત્રી કાંતીભાઇ કોઠારી વગેરેની ઉપસ્થિતિમાં યોજાયેલી ઉક્ત બેઠકને સંબોધતા નિવાસી અધિક કલેકટર એચ.કે. વ્યાસે મેળા દરમિયાન કાયદો વ્યવસ્થાની જાળવણી, ટ્રાફિક નિયમન (હેમ રેડીયો-વાયરલેસ સેટ,નિર્ભયા સ્કોર્ડની વ્યવસ્થા) પીવાના સ્વચ્છ પાણી, સતત વિજ પુરવઠાની જાળવણી, આરોગ્ય સુવિધા, વધારાની એસ.ટી. બસ રૂટની વિશેષ સેવા, મેળાના સ્થળે સ્વચ્છતા જાળવવા, યાત્રાળુઓ માટે સ્નાન-સેનીટેશનની વ્યવસ્થા, ઝઝૂફ કેમેરાની ગોઠવણી, કેઇનની વ્યવસ્થા વગેરે જેવી બાબતો સુનિશ્ચિત કરી લેવા ખાસ ભાર મુક્યો હતો.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, આદિવાસી સમાજની કુળદેવી પાંડોરી માતાજીના મંદિરે દર વર્ષે યોજાતા પારંપરિક મેળામાં ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન ઉપરાંત અન્ય રાજ્યોમાંથી પણ લાખોની સંખ્યામાં આદિવાસી સમાજના શ્રધ્ધાળુઓ-યાત્રાળુઓ માતાજીના દર્શનાર્થે આવીને આ મેળામાં ઉત્સાહભેર ભાગ લે છે, ત્યારે દર્શનાર્થીઓને મેળા દરમિયાન કોઇ તકલીફ ન પડે તે માટે જિલ્લા પ્રશાસન તરફથી સુચારા આયોજન સાથે તમામ પ્રકારની જરૂરી વ્યવસ્થાઓ હાથ ધરાઇ છે.

દેવમોગરા ખાતે યોજાનારા પાંડોરી માતાજીના મેળા દરમિયાન મંદિર પરિસરમાં ઝઝૂફ ફુટેજ ઉપરાંત મંદિર પરિસરની બહારના ભાગે તેમજ મંદિરે જવાના મુખ્ય માર્ગમાં નિયત અંતરે વિડીયોગ્રાફીની વ્યવસ્થા ઉભી કરાઇ છે. તદ્ઉપરાંત ઢ્રપ્ફઝ્ર દ્વારા માર્ગમાં વધારાની લાઇટ વ્યવસ્થા માટે વીજ થાંભલા ઉભા કરાશે. આરોગ્ય વિભાગ દ્વારા મંદિર પરિસર ખાતે, કણબીપીઠા ખાતે અને દેવમોગરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે તબીબો સાથેનો પેરામેડીકલ સ્ટાફ આવશ્યક દવાઓની ઉપલબ્ધિ સાથે તૈનાત કરાશે. કણબીપીઠા ખાતે ૧૦૮ એમ્બ્યુલન્સની સેવા અને પ્રાથમિક શાળા પાસે અગ્નિશામક સાધનો સાથે ફાયર ફાઇટરની વ્યવસ્થા ઉભી કરાઇ છે. આરોગ્ય વિભાગ દ્વારા પીવાના પાણીમાં ક્લોરીનેશન ઉપરાંત મેળાના સ્થળે સફાઇ બાદ ગેમેક્ષીન પાવડરના છંટકાવની પણ વ્યવસ્થા કરાઇ છે. એસટી તંત્ર દ્વારા સેલંબા-ડેડીયાપાડા અને રાજપીપળા ખાતેથી વધારાની બસ સેવાઓની ઉપલબ્ધિ ઉપરાંત જિલ્લા વહિવટી અને પોલીસ તંત્ર દ્વારા મેળા દરમિયાન કંટ્રોલરૂમ પણ ઉભો કરશે .

મુખ્યમંત્રી દ્વારા લોકોની સુખાકારી માટે બનેલા ઓવરબ્રિજમાં બીજા જ દિવસે ખાડા પડ્યાં

સુરત

મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે ગુરૂવારના દિવસે જ લોકાર્પણ થયેલા અમરોલી ઉત્રાણને જોડતાં રેલ્વે ઓવર બ્રિજ પર લોકાર્પણના બીજા જ દિવસે ખાડા પડી જતાં બ્રિજ પર થીંગડા મારવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. મુખ્યમંત્રી ઉદઘાટન કરે તે પહેલા કોઈ કારણોસર પેવરમાં ખાડા પડી ગયા હોવાની વાત કદાચ માની શકાય તેવી છે પરંતુ હજુ તાજા જ બનેલા રોડ પર અને તે પણ હજુ ઉદઘાટન પ્રસંગને ૨૪ કલાક પણ વિત્યા નથી ત્યાં જ રોડમાં ખાડા પડી જવાની વાત સત્ય હકીકત છે જ્યાં તુરંત થીંગડા મારીને રિપેર કરવામાં આવ્યો છે.

બે વર્ષના બદલે ૬ વર્ષે તૈયાર થયેલો બ્રીજ પબ્લીકના ઉપયોગ માટે ખુલ્લો મુકાતા આ વિસ્તારના લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. બાળકો બ્રિજ પર સાયકલ લઈને નીકળી પડ્યા હતાં, તો કોઈ મિત્રો સાથે ટોળામાં જઈને બ્રિજ પર દોડાદોડી કરવા લાગ્યા હતાં. શહેરમાં બનેલા ૧૧૨ બ્રિજમાંથી કોઈપણ બ્રિજના ઉદઘાટનના બીજા જ દિવસે રીપેરીંગ કામ કરવું પડે તેવું કદાચ સુરતના ઈતિહાસમાં પ્રથમ બનાવ હશે. લોકસભાની ચુંટણી નજીક હોવાથી મુખ્યમંત્રીના હાથે લોકાર્પણ કરવાની ઉતાવળમાં ગમે તેવું કામ કરીને મુકી દીધું હોવાની વાત સ્થઆનીકોમાં સાંભળવા મળી રહી છે. શાસક પક્ષની ઉતાવળને લીધે આ પ્રકારે ઉતાવળા નિર્ણયોથી લોકોના પૈસાનું પાણી થતું નજરે જોવા મળતું હોવા છતા વિપક્ષના કેટલાક જાગૃત નગરસેવકોએ પણ આ મુદ્દે મોં બંધ કરી દેતા લોકોને ભારે આશ્ચર્ય થઈ રહ્યું છે. શાસક પક્ષનું લાલં લોલ વિરોધ પક્ષ જાહેર નહી કરે તો પ્રજા કોની પાસે જશે તેવી ચર્ચા પણ લોકોમાં થતી સાંભળવા મળી હતી.


કાપડના વેપારીઓએ પાકિસ્તાન જતું એમએમએફનું એક્સપોર્ટ ઘટાડ્યું

સુરત

પુલવામા થયેલા આતંકી હુમલા બાદ પાકિસ્તાનથી ઈમ્પોર્ટ થતી વસ્તુઓ પર ભારત સરકારે ૨૦૦ટકા ડ્યુટી નાંખી છે. ત્યારે સુરતના કાપડ એક્સપોટર્સે પણ સ્થાનિક માર્કેટમાં તૈયાર થતું મેન મેઈડ ફાઈબર- ફેબ્રિક્સ (એમએમએફ)નું પાકિસ્તાન જતું એક્સપોર્ટ ઘટાડી દીધું છે. એસઆરટીઈપીસીના આંક પ્રમાણે વર્ષ ૨૦૧૮-૧૯ની શરૂઆતથી જ કાપડ પાકિસ્તાન જતું કાપડ એક્સપોર્ટ ઘટી ગયું છે.

પુલવામા હુમલા બાદ ભારત સરકારે પાકિસ્તાનથી આયાત થતી વસ્તુઓ પર ૨૦૦ટકા ઈમ્પોર્ટ ડ્યુટી નાંખ્યા બાદ ત્યાંથી મર્યાદિત પ્રમાણમાં આવતા એમ્બ્રોડરીઝ, બુરખા, દુપટ્ટા સહિત મખમલના કાપડના ડમ્પીંગને અસર થઈ છે. ત્યારે બીજી તરફ સુરતથી મોટા પ્રમાણમાં પાકિસ્તાન જતું મેન મેઈડ ફેબ્રિક્સ-ફાઈબર (એમએમએફ) કાપડ એક્સપોર્ટ પણ સતત ઘટી રહ્યું છે. એસઆરટીઈપીસીના ચેરમેન નારાયણ અગ્રવાલ સાથે થયેલી ચર્ચામાં જાણવા મળ્યું હતું કે, વર્ષ ૨૦૧૭-૧૮ના નાણાંકીય વર્ષની સરખામણીએ વર્ષ ૨૦૧૮-૧૯ના ડિસેમ્બર માસ સુધી એમએમએફ એક્સપોર્ટ ઘટ્યું છે. આ સાથ ઘણાં એક્સપોટર્સે પુલવામાં હુમલા બાદથી પાકિસ્તાન જતું એક્સપોર્ટ બંધ કરી દેવાની ચર્ચા કરી છે. જોકે તેની સાચી અસર એક મહિના પછી એટલે કે માર્ચમાં એક્સપોર્ટના આંકડા જાહેર થયા બાદ જાણી શકાશે.

કલેકટર આર.એસ. નિનામાએ તાપી જિલ્લાના ક્રેડિટ પ્લાનનું વિમોચન કર્યું



વ્યારા:

તાજેતરમાં તાપી જિલ્લાના વડામથક વ્યારા ખાતે આવેલી કલેકટર કચેરીના કોન્ફરન્સ હોલમાં યોજાયેલી ડીએલસીસીની બેઠકમાં જિલ્લા કલેકટર આર.એસ. નિનામાએ ડિસ્ટ્રીકટ ક્રેડિટ પ્લાનનું વિમોચન કર્યું હતું. લીડ બેંક દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે જિલ્લા ક્રેડિટ પ્લાન તૈયાર કરવામાં આવ્યો હતો. જિલ્લા લીડ બેંક દ્વારા તૈયાર કરવામાં આવેલા આ ક્રેડિટ પ્લાન અનુસાર રૂા. ૧૦૧૦ કરોડ ખેતી માટે, રૂા. ૨૦ કરોડ નાના ઉદ્યોગો માટે અને રૂા. ૮૫ કરોડ હાઉસીંગ અને શિક્ષણ લોન માટે મળી કુલ રૂા. ૧૧૧૫ કરોડના ક્રેડિટ પ્લાનનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ વિમોચન કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી જે.બી. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બી.બી. વહોનિયા, લીડ બેંક મેનેજર જે.એ. ચોટલિયા અને તમામ બેંકોના સિનીયર અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજપીપળા સિવિલમાં વધુ એક તકલીફમાં દર્દીઓ હેરાન





દાંત વિભાગમાં ફક્ત દાઢ પાડવા સિવાય કોઈ કામ ન થતા હોવાની ફરિયાદ , શું કરે છે અધિકારીઓ એ સમજાતું નથી

અમુક વિભાગમાં ઓપરેશન સમયે લોહી ના અમુક ટેસ્ટ બહારથી કરાવાય છે જેમાં દર્દીઓને વધુ ખર્ચ વેઠવો પડે છે

રાજપીપળા : રાજપીપળા સિવિલ હોસ્પિટલમાં આંખના ઓપરેશનો બાદ હવે દન્ત વિભાગની તકલીફ પણ સામે આવી છે જેમાં દાંત વિભાગમાં ફક્ત દાઢ પાડવા સિવાય અન્ય કોઈ કામ થા નથી ત્યારે જાણવા મળ્યા મુજબ સાધનોના અભાવે કે અન્ય કોઈ કારણોસર આ હોસ્પિટલ માં દાંત ના બે સર્જન ડોક્ટરો હોવા છતાં દાઢ પાડવા સિવાય કોઈજ કામ કરી શકતા નથી ત્યારે સવાલ એ થાય છે કે શું આ હોસ્પિટલના અધિકારીઓ ઓપરેશન કે અન્ય મોટી તકલીફ બાબતે સરકારી હોસ્પિટલમાં મફત સારવાર ના બદલે દર્દીઓને ખાનગીમાં મોકલવા કોઈ વ્યવસ્થા કરતા નહી હોય...? કે પછી અન્ય કોઈ ફાયદો થતો હશે.

જોકે સૂત્રોના જણાવ્યા મુજબ આ હોસ્પિટલમાં અમુક વિભાગમાં લેબોરેટરી ટેસ્ટ પણ બહારથી ખાનગીમાં કરાવી લાવવાની દર્દીઓને ફરજ ાડવામાં આવે છે સાથે સાથે અમુક ઓપ્રેસનો માં બહારથી મોંઘી દવાઓ પણ મંગાવી એમનો અંગત ફાયદો કરતા કેટલોક સ્ટાફ બીમાર ગરીબ દીઓના ખિસ્સા ખાલી કરવામાં નિપુણતા ધરાવે છે ત્યારે જિલ્લાની આ વડી હોસ્પિટલમાં ગરીબ દર્દીઓ લૂંટાઈ રહ્યા હોવાની પણ હાલમાં બૂમ ઉઠી હોય અધિકારીઓ ચુપચાપ તમાસો જુવે છે શું એમનો પણ આમ કોઈ અંગત ફાયદો હશે...?

વધુમાં સુત્રો દ્વારા એ પણ જાણવા મળ્યું કે મોતિયાના ઓપ્રેસનો માટે સરકારી ગાઈડલાઈન પ્રમાણે અમુક ચોક્કસ લક્ષયાંક આપેલો છે જેમાં દર મહિને અંદાજે ઓપરેશનનો લક્ષયાંક છે પરંતુ સિવિલમાં ઓપરેશન ન થતા હોય દર્દીઓ તકલીફ વેઠી રહ્યા છે ત્યારે એનજીઓ અને સરકારી દવાખાના મળી દર મહિને ૬૦૦ જેવા મોતિયાના ઓપરેશનો ની એવરેજ હોય છે પરંતુ અંધેર નગરી જેવો આ હોસ્પિટલ નો ઘાટ હોય દર્દીઓ બહાર લૂંટાઈ રહ્યા છે.ત્યારે સરકારી હોસ્પિટલના ગરીબ દર્દીઓને પોતાના અંગત ફાયદા માટે અન્ય જગ્યા એ જવા મજબુર કરતા તત્વો સામે કોણ પગલાં લેશે.

દન્ત વિભાગ શોભાના ગાંઠિયા સમાન લાગે છે : પ્રણવ મકવાણા

રાજપીપળા ના એક જાગૃત નાગરિક પ્રણવ મકવાણા ના જણાવ્યા મુજબ આ હોસ્પિટલમાં દન્ત વિભાગમાં ફક્ત દાઢ પાડવા સિવાય અન્ય કોઈ કામ થતા નથી રૂટ કેનાલ કેપ બેસાડવી જેવા નાના કામો પણ આ જગ્યાએ ન થતા હોય ત્યારે જિલ્લાની આ વડી હોસ્પિટલ નો શું મતલબ.

ગુજરાત સરકારે નર્મદા કેનાલ આધારિત ખેડૂતોને સિંચાઈનું પાણી બંધ કરતા ખેડૂતોમાં રોષ



રાજપીપળા :સરદાર સરોવર નર્મદા ડેમમાં પાણી ખૂટતા નર્મદા ડેમની સપાટી ૧૧૫.૭૧ મીટર પર પહોંચી છે.જેથી સરકારે ગુજરાત ભરમાં ખેડૂતોને સિંચાઈ માટે પાણી આપવાનું બંધ કરી દેતા ખેડૂતોના ઉભા પાકને નુકશાનની ભીતિ સેવાઈ રહી છે. કેનાલો પણ સુખી પડવા માંડતા ખેડૂતોના ઉગેલા પાકને જીવંત રાખવા ખેડૂતો હજુ આટલો મહિનો સિંચાઈ માટે પાણીની માંગ કરી રહ્યા છે.

રાજ્ય સરકારે નર્મદા કેનાલમાંથી સિંચાઈ કરતા ખેડૂતોને પાણી આપવાનું બંધ કરવા માટે નિર્ણય કરતા રાજ્યભરના ૧૪.૫ લાખ હેકટર જમીનને સિંચાઈ માટે ખેડૂતોને વલખા મારવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.ગત સીઝનમાં નર્મદા ડેમમાં ફેબ્રુઆરીથી જ પાણી ખૂટી ગયા હતા બાદમાં ૧૫ માર્ચ સુધી પાણી અપાયું હતું.જો કે આ સીઝનમાં નર્મદા ડેમમાં પાણીની સપાટી ૧૧૫.૭૧ મીટર છે અને ૬૦૫ દ્વષ્ઠદ્વ પાણી સંગ્રહાયેલું છે,તેમ છતાં પણ સરકારના નિર્ણયથી ખેડૂતો નારાજ થયા છે.હાલ કપાસ,બાજરી અને ઘાસચારાનું વાવેતર ખેતરમાં ઉભું છે,ત્યારે જો હજી ૨ વાર પાણીની જરૂરીયાત છે ત્યારે સરકારે આગોતરી જાણ કર્યા વિના જ નિર્ણય કરી નાખતા ખેતરમાં રહેલ ઉભો પાક સુકાવાનો ભય ફેલાયો છે.ફેબ્રુઆરી ૨૦૧૮માં જ ડેમમાં પાણીની ૧૧૦.૬૪ મીટરથી નીચે ગઈ હતી અને લાઈવ સ્ટોકનો જથ્થો પૂર્ણ થતાં પાણી કાપ થયો હતો.જો કે ડેમમાં આ વર્ષે હજી ૬૦૫ દ્વષ્ઠદ્વ લાઈવ સ્ટોક પાણીનો જથ્થો હોવા છતાં પણ પાણી કેનાલમાં બંધ કરાતા ભારે આક્રોશ જોવા મળ્યો છે.

સરકારના તઘલઘી નિર્ણય બાદ ખેડુતોમાં ભારે રોષ સાથે ઘેરા પ્રત્યાઘાત પડયા છે.જેથી ખેડુતો પણ માંગ કરી રહ્યા છે કે શિયાળુ પાકમાં હજુ એક પાણીની જરૂર છે.ત્યારે હવે ખેડુતોએ પણ આંદોલનનું રણશિંગુ ફૂંકે તો નવાઈ નહીં.હાલ નર્મદા જિલ્લાના ગરુડેશ્વર અને તિલકવાડા તાલુકામાં ૨૪૦૦ હેક્ટર જમીન બિન પિયત છે જે ખેડૂતો નર્મદા કેનલના પાણી થકી ખેતી કરી જીવન ગુજારે છે.ગત વર્ષે સરકાર દ્વારા ૧૫ માર્ચ સુધી સિંચાઈ માટે પાણી આપ્યું હતું જેને ધ્યાને લઈ ખેડૂતોએ જુવાર,મકાઈ અને પશુઓ માટે ઘા-બાજરુ વાવી દીધું અને સરકારે જાણ કર્યા વિના પાણી બંધ કરી દેતા ખેડૂતો હવે પાક બગડી જવાની ભીતિથી ચિંતિત બન્યા છે.નર્મદા બંધની કેનાલ માંથી હવે ખેડૂતોને સિંચાઈનું પાણી આપવાનું બંધ કરી દેવામાં આવ્યું છે.હાલ જે ૧૩,૭૪૧ ક્યુસેક પાણી છોડવામાં આવતું હતું જે ઘટાડીને ૯૦૦૦ક્યુસેક કરી દેવાયું અને આગામી ૪ થી ૫ દિવસોમાં ૬ હજાર સુધી કરી દેવામાં આવશે.

બદનામીના ડરથી શિક્ષકે ઉંદર મારવાની દવા પી કર્યો આપઘાત

નવસારી

નવસારીની એક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા કબીલપોરનાં રહીશે બદનામીની બીકે ઉંદર મારવાની દવા ખાઈને આત્મહત્યા કરી હતી. મૃતકના ભાઈએ આ સંદર્ભમાં તેનાં ભાઈને બે જણાએ માર મારી ધમકી આપતા તેણે આત્મહત્યા કરી હોવાનું રૂબરૂ પોલીસ સ્ટેશનમાં ફરિયાદમાં જણાવ્યું હતું.

મળતી માહિતી પ્રમાણે ગત ૪૭ વર્ષીય હાર્દિક જયંતિભાઈ જોષી નવસારીના રામનગર, કબીલપોરમાં રહેતા હતા. તેમણે ૮ ફેબ્રુઆરીના રોજ ઘરમાં જ ઉંદર મારવાની દવા પી જતાં તેને હોસ્પિટલમાં દાખલ કર્યો હતો. જયાં સારવાર દરમિયાન તેનું મૃત્યું નિપજયું હતું. આ બાબતે ગુરુવારે મરનારનો ભાઈ મુકેશકુમાર જયંતિલાલ જોષીએ નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી હતી.

આ અંગે ફરિયાદમાં જણાવ્યું છે કે તેમનો ભાઈ હાર્દિક જે શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતો હતો. એ જ શાળાની એક વિદ્યાર્થિની સાથે પ્રેમસંબંધ હોવાની શંકા રાખી છોકરીના મામાએ શાળાના સ્ટાફ રૂમમાં અન્ય શિક્ષકોની હાજરીમાં તેને બિભત્સ ગાળો આપી ગડદાપાટુંનો માર માર્યો હતો.

આ બંને જણાએ હાર્દિકને જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી હતી. તેઓ જતા જતા હાર્દિકને વધુ માર મારવાની ધમકી આપી હતી. આ કારમસર તેમનાં ભાઈ હાર્દિકેઉંદર મારવાની ઝેરી દવા પી આત્મહત્યા કરી હતી. પોલીસે આ ફરિયાદને આધારે વધુ તપાસ હાથધરી છે.

સાગબારામાં અગાઉના કોર્ટ કેશ બાબતે સમાધાન કરલો વરના જાનસે માર ડાલેંગેની ધમકી આપતા ફરિયાદ

રાજપીપળા : નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના સેલંબા ગામની ચોકડી પર ગઈકાલે અગાઉના કોર્ટમાં કેશનું સમાધાન કરવા બાબતે જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ દાખલ થવા પામી છે .

પ્રાપ્ત માહિતી અનુસાર સેલંબાના મુખ્ય બજારમાં રહેતા ફરિયાદ આપનાર પંકજ ભીખાભાઈ આહીરે આપેલી ફરિયાદ મુજબ તેમને ૨૦૧૭ ના વર્ષનો ગામના બે વ્યક્તિઓ વિરુદ્ધ સ્પેશીયલ એટ્રોસીટીનો કેસ કોર્ટમા ચાલતો હતો અને ત્યારે એ કેશમાં સમાધાન માટે પંકજનો નાનો ભાઈ શ્યામ ભીખાભાઈ આહીરેને સેલંબા ચોકડી ઉપરથી પસાર થતા સોહીલ ફિરોજ પઠાણ અને ટીશા મુસ્તાક પઠાણ એ શ્યામને અટકાવી મા બેન સમાણી ગાળો બોલી કહેલ કે કે તેરી માકા ચમાર મારૂ બોત ફટ ગયે હો સમાધાન કરલો વરના જાનસે માર ડાલેંગે તથા આજ તેરેકુ જીંદા છોડ દેતે હે ફીર કભી તુ કે તેરા ભાઈ પંકજ અકેલા હમારી ઓર દેખા દીયા તો તુમકો કાટ ડાલેંગ તેવી જાનથી મારી નાખવાની ધમકી આપતા પંકજ ની ફરિયાદ ના આધારે સાગબારા પોલીસે ધમકી આપનાર બંને વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે .

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

દુષ્કર્મ પીડિતા ભેદી રીતે ગુમ થતા ચકચાર મચી

સુરત

સુરતમાં રહેતી ૩૫ વર્ષીય મહિલા સુરતમાં ગેંગરેપનો શિકાર બની હતી. મહિલા સુરતમાં એક લગ્ન પ્રસંગમાં આવ્યા હતા ત્યારે તેની મુલાકાત લિંબાયતના માથાભારે વસીમ પાર્સલ સાથે થઈ હતી. વસીમે પોતાની ઓળખ છુપાવી રાહુલ નામ ધારણ કરી મહિલાને પ્રેમજાળમાં ફસાવી હતી.

દિલ્હીગેટ પાસે એક હોટલની બહાર ટવેરામાં વસીમે યુવતી સાથે જબદસ્તી કરી કુકર્મ કર્યું હતું. બાદમાં વસીમે તેના બે મિત્રો આફતાફ શેખ અને નૌસાદ અલી સાથે કાળા કાચવાળી ફોર્ચ્યુનરગાડીમાં વારાફરતી દુષ્કર્મ કરવા સાથે મોબાઈલ શૂટિંગ ઉતારી બ્લેકમેઈલિંગ શરૂ કર્યું હતું. પીડિતાએ આ અંગે મહિધપુરા પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે વસિમ પાર્સલ, આફતાબ અને નૌસાદની ધરપકડ કરી ત્રણેયને જેલમાં મોકલી આપ્યા હતા.

દરમિયાન આ કેસની પીડિતા છેલ્લા ચારેક દિવસથી ગાયબ છે. ગેંગરેપના આ ગુના અંતર્ગત સ્ટેટમેન્ટ લેવા સાથે પીડિતાના કપડાં સહિતનો મુદ્દામાલ પણ કબ્જે કરવાનો હોય મહિધપુરા પોલીસ છેલ્લા ચાર દિવસથી પીડિતાને કોલ કરી રહી છે. પીડિતાનો મોબાઈલ સતત બંધ આવતા પોલીસની એક ટીમ તપાસ અર્થે નંદુબાર પણ ગઇ હતી. જોકે, અહીં પણ પીડિતાના ઘરે ત્રણેક દિવસથી તાળા લાગેલા હોવાનું જાણવા મળ્યું હતું.

ચર્ચા પ્રમાણે માથાભારે વસીમ પાર્સલને બચાવવા માટે એક ટોળકી સક્રિય બની છે. શામ, દામ, દંડ-ભેદની નીતિ અપનાવી યેનકેન પ્રકારે આ કેસમાં સમાધાન કરી લેવા માટે પીડિતા ઉપર ભારે પ્રેશર ઊભું કરી ધાકધમકી અપાઇ રહી હોવાની ચર્ચા છે. ઉપરાંત જેલમાંકેદ વસીમના ઇશારે જ પીડિતાને પોલીસથી જોજન દૂર રાખી પરિવાર સાથે ગાયબ કરી દેવાઇ હોવાની વાત વહેતી થઇ છે.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અઢળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847